અપીલ અરજી નં.૧, તા.૨–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન
સામાવાળાઃ–એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન/આર.ડી.ડી)
ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)
કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા. ૨૧–૨–૧૨ની અરજીથી ગુજરાત ગેસ કંપની લી. ડીજીવીસીએલ, ટોરેન્ટ પાવર લી. રીલાયન્સ,ટાટા ટેલીકોમ લી.વિગેરે કંપનીના ગેસ/કેબલ લાઈનની લંબાઈ, ભાડું વિગેરે મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૪–૧૨ ની **SMC/FAP/** નં.૧/૨૦૧૨–૧૩

શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા. ૨૧–૨–૧૨ની અરજીથી ગુજરાત ગેસ કંપની લી. ડીજીવીસીએલ, ટોરેન્ટ પાવર લી. રીલાયન્સ, ટાટા ટેલીકોમ લી. ગેસ/કેબલ લાઈનની લંબાઈ, ભાડું વિગેરે મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે સેન્ટ્રલઝોન સિવાય તમામ ઝોનનો જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા ,** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો ઉપરી અધિકારી મારફતે કલમ–૧૯(૧) હેઠળ અપીલીય કાર્યવાહી કરાવવા અન્યથા હોય તો વિગતો માંગ્યા મુજબ મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫ તા. ૯–૪–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી લીંબાયતઝોન/ આર.ડી.ડી) , ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો પક્ષકાર જાહેર માહિતી અધિકારી તેમના ઉપરી અપીલ અધિકારીને આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આર.ડી.ડી તરફથી પત્ર નં. આર.ડીડી/આ.નં./૫૧ તા. ૧૮–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર આરડીડી તરફથી પત્ર નં. આરડીડી/૮૧૭ તા. ૨–૩–૧૨થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે. ઝોન/આરટીઆઈ/આ.નં.૨૪૪૯ તા. ૨૩–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામઝોન, લીંબાયતઝોન, વરાછાઝોન,અઠવાઝોન, ઉધનાઝોન, રાંદેરઝોનને તથા આરડીડીને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છેં. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬ તા. ૨૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૪૪૯ તા. ૨૩–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામઝોન, લીંબાયતઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, રાંદેરઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ , મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર તરફથી પત્ર નં.આરડીડી/૮૧૭ તા. ૨–૩–૧૨ થી તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૯૦૭ તા. ૨૮–૩–૧૨ ની નકલ તથા ઉધનાઝોનમાં જુદી જુદી સર્વીસ પ્રોવાઈડરો કંપનીઓ ધ્વારા નાંખવામાં આવેલ અંડર ગ્રાઉન્ડ લાઈનોની માંગેલ વિગતનું પત્રકની નકલ તથા અરજદાર ધ્વારા અપીલ અધિકારી ઉધનાઝોનને પાઠવેલ ૨–૪–૧૨ નો પત્ર મળેલ છે.

જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૩ તા. ૨૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આનં.૧૨૨૫

તા. ૨૧–૩–૧૨ નાપત્રની નકલ, કંપનીઓના ગેસ/કેબલ લાઈનની લંબાઈના પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન, વરાછાઝોન અને લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૨૫–૪–૧૨ના રોજ પૂરક પત્ર મળેલ છે. જેમાં રાંદેર ઝોન તરફથી આપવામાં આવેલી માહિતી પત્ર અને પત્રક , જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આપવામાં આવેલી માહિતી પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં. ૮૯૦૭ તા. ૧૯–૩–૧૨ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૬૦ તા. ૨૬–૩–૧૨ના પત્રની નકલ તથા માહિતી પત્રકી નકલ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૪૦૩૪ તા. ૩૧–૩–૧૨થી આપવામાં આવેલી માહિતી અંગેનો પત્ર તથા પત્રકની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૧–૨–૧૨ની અરજીથી ગુજરાત ગેસ કંપની લી. ડીજીવીસીએલ, ટોરેન્ટ પાવર લી. રીલાયન્સ, ટાટા ટેલીકોમ લી. ગેસ/કેબલ લાઈનની લંબાઈ, ભાડું વિગેરે મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૪૪૯ તા. ૨૩–૨–૧૨ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી કતારગામઝોન, લીંબાયતઝોન, વરાછાઝોન, અઠવાઝોન, ઉધનાઝોન, રાંદેરઝોનને તથા આરડીડીને તબદીલ કરેલ . જે ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. આરડીડી/આ.નં./૮૧૭ તા. ૨–૩–૧૨થી કાર્યપાલક ઈજનેર તમામઝોનને તબદીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૬૦૪ તા. ૯–૩–૧૨થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં સેન્ટ્રલઝોન સિવાયના તમામ ઝોનનો જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. આમ અરજદારને સેન્ટ્રલઝોને આપેલ માહિતી અંગે કોઈ તકરાર ન હોવાથી અરજદારે પક્ષકાર બનાવેલ નથી તેથી અત્રે અપીલમાં તેમને પક્ષકાર બનાવેલ નથી. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૧ તા. ૨૦–૪–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૬૬૭ તા. ૧૩–૩–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ મળેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરીકે ડે.ઈજનેર અઠવાઝોને માહિતી આપ્યાનું જણાતા મે.કમિશ્નરશ્રીના તા. ૩–૩–૧૨ના હુકમ મુજબ પક્ષકાર ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હોય તો ઉપરી અધિકારી મારફતે કલમ–૧૯(૧) હેઠળ અપીલીય કાર્યવાહી કરાવવા જણાવવામાં આવેલ.અઠવાઝોનના જાહેર માહિતી અધિકારીથી ઉપરી અધિકારીને અઠવાઝોન પૂરતી અપીલ અંગે નિકાલની કાર્યવાહી કરવા અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૨૭૮ તા. ૭–૫–૧૨થી જણાવવામાં આવેલ. આથી તેટલા પૂરતી અપીલની કાર્યવાહી અત્રેથી કરવામાં આવેલ નથી.વધુમાં અરજદારે અપીલમાંજ સેન્ટ્રલઝોનની માહિતી બાબતે કોઈ તકરાર નથી. તેમજ અત્રે મળેલ પત્ર નં. સા.ઝોન/ટેક/૬૬ તા. ૨૭–૪–૧૨ના પત્રથી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૯૦૭ તા. ૨૮–૩–૧૨થી માહિતી પુરી પાડવામાં આવેલ અને જે માહિતી અરજદારને મળી ગયેલ છે. તેવું અપીલ અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં જણાવેલ. વધુમાં અપીલ અરજીના સંદર્ભમાં તા. ૧૯–૪–૧૨ના રોજ કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી ઉધનાઝોન સમક્ષ રૂબરૂમાં બોલાવવામાં આવેલ. જે અન્વયે થયેલ ચર્ચાએ અરજદારે આપેલ લખાણ મુજબ આપેલ માહિતી સંતોષકારક હોય તેમની અપીલ સંદર્ભે ઉધનાઝોનની માહિતી મેળવવાની બાકી રહેતી નથી. આમ અરજદારને અઠવાઝોન, સેન્ટ્રલઝોન અને ઉધનાઝોનની માહિતી બાબતે અરજદારે તેમની પૂરક વિગતોમાં તકરાર વ્યકત કરેલ નથી. તેમના સિવાયના રાંદેરઝોન, કતારગામઝોન, વરાછાઝોન અને લીંબાયતઝોનની માહિતી બાબતે તા. ૨૫–૪–૧૨ના પત્રથી રજુઆત કરેલ. જેમાં અરજદારે પૂરક અપીલની માહિતી ૩૦ દિવસની મુદતમાં મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે વરાછાઝોન અને લીંબાયતઝોન દ્વારા જ ૩૦ દિવસમાં માહિતી પુરી પડાયેલ નથી. જયારે બાકીના ઝોને ૩૦દિવસમાં માહિતી પુરી પાડેલ છે. જેમા અરજદારે અપીલમાં જણાવેલ બન્ને ઝોનોએ માહિતી સમય અવધિ બાદ પુરી પાડેલ છે. તે હકીકત છે. જયારે અરજદારે કાયદા મુજબ પૂર્ણ નથી તેવી કરેલ રજૂઆત અંગે કોઈ આધાર કે વિગતો જણાવેલ નથી. મુદ્દા નં. ૩ માં અરજદારે આપેલી માહિતીમાં નામ, હોદ્દો અને સહી નથી. જેમાં રાંદેરઝન અને લીંબાયતઝોને આપેલ માહિતીમાં અરજદારે જ રજુ કરેલ નકલોમાં હોદ્દો અને સહી છે. જયારે કતારગામ તથા વરાછાઝોને રજુ કરેલ નકલમાં નામ, હોદ્દો અને સહી ત્રણેય વિગતો છે આથી અરદારના તેવા દાવાને સમર્થન મળતું નથી. ફકત ત્રણ ઝોનની વિગતોમાં નામ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં./૧૨૨૫ તા. ૨૧–૩–૧૨થી નિયત સમય અવધિના છેલ્લા દિવસે મુદ્દા નં. ૧ ની માહિતી રૂા.૨/ ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ. જયારે મુદ્દા નં. ૨ની માહિતી પુરી પાડેલ છે. તેવું જણાવેલ છે. તેવી જ રીતે કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવવા માટે પત્ર પાઠવેલ. જે અંગે અરજદારે અન્ય ઝોનમાં માત્ર બે પેજમાં જવાબ આપેલ હોય, માંગેલ ફી રૂા.૧૫૪૮/– ભરપાઈ કરી માહિતી મેળવવાનું મંજુર નથી. તેવું જણાવેલ છે. તેના ઉપલક્ષ્યમાં જો આ પ્રકરની વિગતો અરજદારે પાઠવેલ નમુના મુજબ નિભાવાતી હોય તો તેવી રીતે પૂરી પાડવી રહે અન્યથા તેવી વિગતો દફતરની તપાસણી પૂરી પાડવી રહે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) ધ્યાને લેતાં તેવા સ્વરૂપે માહિતી નિભાવાતી ન હોય તો અરજદારે તપાસણી કરી ઉતારો કે વિવિધ નકલ મેળવવી રહે. વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૬૦ તા. ૨૬–૩–૧૨થી અરજદારને મુદ્દા નં. ૧ના પત્રક મુજબ માહિતી આપ્યાનું જણાવેલ. જેના પત્રકની નકલ સામેલ છે જયારે મુદ્દા નં.૨ની માહિતી નીલ હોવાનું જણાવેલ.લીંબાયતઝોન તરફથી પણ અરજદારને મુદ્દા નં. ૧નું પત્રક પૂરું

પાડેલ છે પરંતુ મુદ્દા નં. ૨ બાબતે દફતરી ઉપલબ્ધ વિગત જણાવેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ વિગતો પુરી પાડવામાં આવેલ.

આમ સમગ્ર હકીકત જોતાં મુદ્દા નં. ૧માં રાંદેરઝોને કરેલ પ્રસ્તાવ અનુસાર અરજદાર રૂા. ૨ /– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે જયારે કતારગામઝોને અરજદારે અપીલમાં દસ્તાવેજ સ્વરૂપે નહીં પરંતુ પત્રકમાં જણાવેલ આંકડાકીય માહિતી સ્વરૂપે જો નિભાવાતી હોય તો મુદ્દા નં. ૧ અને ૨ની માહિતી પુરી પાડવાની રહે. અન્યથા તેવા દફતરની તપાસણી અરજદારને પૂરી પાડવી રહે. માહિતી માટે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં અરજદારને પત્ર પાઠવેલ હોવાથી તે અંગે કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ પ્રસ્તુત કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રહેશે. લીંબાયતઝોન તરફથી મુદ્દા નં. ૨ ની માહિતી પુરી પડાયેલ જણાતી નથી. જે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની વિગત અરજદારને જણાવવાની રહેશે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીઓ લીંબાયતઝોન તરફથી મુદ્દા નં. ૨ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને નિયત સમય અવધિમાં માહિતી અંગે પત્ર પાઠવેલ હોય અરજદારની અપીલ તબક્કે આંકડાકીય સ્વરૂપની માહિતીની રજુઆતના ઉપલક્ષમાં દફતરી ઉપલબ્ધ અરજદારના પત્રક મુજબ આંકડાકીય સ્વરૂપમાં માહિતી વિગત પ્રસ્તુત કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ લાગુ ફી ભરાવીને પુરી પાડવા અને તેવી રીતે નિભાવાતી ન હોય તો લાગત દફતરની તપાસણી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી –કતારગામઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં. ૧ બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી કરેલ પ્રસ્તાવ અનુસાર અરજદાર રૂા. ૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન),સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન/ આર.ડી.ડી), ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન,

અપીલ અરજી નં. ૨ તા.૨–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી અનિલકુમાર ઈશ્વરભાઈ કોંઢિયા
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),
ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલકુમાર ઈશ્વરલાલ કોંઢિયાની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ લીંબાયત રે.સ.નં.૧૫/૨ વાળી જમીન–મિલ્કતમાં તા. ૩૦–૪–૧૯૯૧ ટી.ડી.ઓ. નં. ૧૩૨ થી મંજુર થયેલ પ્લાન તથા તેના લાગતા–વળગતા તમામ પ્રકારના પ્લાનો અને સાથે રજુ કરેલ અરજી, એફિડેવીટ, દસ્તાવેજી પુરાવાઓ, આપના તરફથી થયેલ પત્ર વ્યવહારો, અન્ય તમામ રજુ થયેલ પુરાવાઓની સર્ટીફાઈડ નકલ તથા સાથે થયેલ તમામ ઓર્ડરો, રજાચિઠ્ઠી જેવા તમામ પુરાવા સહિતની સર્ટીફાઈડ નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૪–૧૨ ની **SMC/FAP/** નં.૨ /૨૦૧૨–૧૩

શ્રી અનિલકુમાર ઈશ્વરલાલ કોંઢિયાની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ લીંબાયત રે.સ.નં.૧૫/૨ વાળી જમીન–મિલ્કતમાં તા. ૩૦–૪–૧૯૯૧ ટી.ડી.ઓ. નં. ૧૩૨ થી મંજુર થયેલ પ્લાન તથા તેના લાગતા–વળગતા તમામ પ્રકારના પ્લાનો અને સાથે રજુ કરેલ અરજી, એફિડેવીટ, દસ્તાવેજી પુરાવાઓ, આપના તરફથી થયેલ પત્ર વ્યવહારો, અન્ય તમામ રજુ થયેલ પુરાવાઓની સર્ટીફાઈડ નકલ તથા સાથે થયેલ તમામ ઓર્ડરો, રજાચિઠ્ઠી જેવા તમામ પુરાવા સહિતની સર્ટીફાઈડ નકલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા** બન્ને પક્ષકાર જા.મા.અ. કક્ષાએથી પરસ્પરને તબદીલ કરેલ છે પ્રત્યુત્તર એકેય કક્ષાએથી અપાયેલ જણાતો નથી. વધુમાં પ્રત્યુત્તર આપનાર પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો તેમના ઉપરી અધિકારી કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરાવવા વિનંતી અને તેની જાણ અત્રે કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૬ તા. ૯–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને શહેર વિકાસ વિભાગ તથા અરજદારને પખવાડિયાની વિલંબીત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને શહેર વિકાસ વિભાગ તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૯–૦૧–૧૨ની ઝોનલ ઓફિસર લીંબાયત ઝોનને સંબોધતી અરજી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈઝોન/લીંબાયત/૩૨૨૧ તા. ૨–૨–૧૨થી અઘટિત વિલંબથી મધ્યસ્થ શહેર વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં. ટીડીઓ/૫૪૪ તા. ૧૫–૨–૧૨થી સમય અવધિ બાદ અરજદારે મોજે–લીંબાયત, રે.સ.નં. ૧૫/૨ વાળી મિલ્કતમાં તા. ૩૦–૪–૯૧ના રોજ ટીડીઓ નં. ૧૩૨ થી મંજુર થયેલ પ્લાનો અંગેની માહિતી માંગેલ છે. સદર મિલ્કતનો રેકર્ડ અગાઉ શહેર વિકાસ ખાતાનું વિકેન્દ્રીકરણ થયેલ તે સમયનું હોય તેમજ શહેર વિકાસ(મધ્યસ્થ) ખાતાનું કેન્દ્રીકરણ સને–૧૯૯૮ માં કરવામાં આવેલ હોય, આથી ઉકત મિલ્કત સંદર્ભેની વિગતો/માહિતી આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, અરજદારશ્રીને માંગ્યા મુજબની જરૂરી માહિતી/જવાબ પાઠવવા અરજી લીંબાયતઝોનને પ્રતિ ફેર પુનઃ તબદીલ કરવામાં આવેલ. જેની વિગતો અરજદારની સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ લીંબાયત રે.સ.નં.૧૫/૨ વાળી જમીન–મિલ્કતમાં તા. ૩૦–૪–૧૯૯૧ ટી.ડી.ઓ. નં. ૧૩૨ થી મંજુર થયેલ પ્લાન તથા તેના લાગતા–વળગતા તમામ પ્રકારના પ્લાનો અને સાથે રજુ કરેલ અરજી, એફિડેવીટ, દસ્તાવેજી પુરાવાઓ, આપના તરફથી થયેલ પત્ર વ્યવહારો, અન્ય તમામ રજુ થયેલ પુરાવાઓની સર્ટીફાઈડ નકલ તથા સાથે થયેલ તમામ ઓર્ડરો, રજાચિઠ્ઠી જેવા તમામ પુરાવા સહિતની સર્ટીફાઈડ નકલ આપવા બાબતે અરજદારે સરખી વિગતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૧૯૭૨ તા. ૧૦–૧–૧૨થી નિયત સમય અવધિમાં મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે મ.શ.વિ. તરફથી પત્ર નં. ટી.ડી.ઓ/૪૮૮ તા. ૧૮–૧–૧૨થી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. આમ સેન્ટ્રલઝોન ખાતે કરેલ તેમજ લીંબાયતઝોન ખાતે કરેલ બન્ને અરજીઓ છેવટે લીંબાયતઝોનમાં તબદીલ થયેલ છે. જે અંગે લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પુરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા. ૨–૪–૧૨ના રોજ વિલંબીત અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૪૬ તા. ૯–૪–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં

આવેલ. જેમાં અરજદાર પાસે પખવાડિયાની વિલંબીત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. તેમ છતાં તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૯–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પુરી પડાયેલી ન હોઈ, અરજદારની વિલંબીત અપીલ અરજીને ધ્યાનમાં લઈને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

વધુમાં અરજી સમયસર તબદીલ થાય તેની તકેદારી રાખવા સીટી.ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ)...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનિલકુમાર ઈશ્વરલાલ કોંઢિયા,

અપીલ અરજી નં. ૩ તા.૨–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિનોદચંદ્ર હિંમતરામ જરીવાલા
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદચંદ્ર હિંમતરામ જરીવાલાની તા. ૦૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) જેનો ફા. પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન જે વૃંદાવન સોસાયટીના નામે ઓળખાય છે જેમા તા. ૧૪–૫–૧૯૮૬ના મંજુર થયેલ સાઈટ પ્લાનમાં બતાવેલ સી.ઓ.પી.ની જમીનમાં ત્રણ ભાગ બતાવેલ છે. આ જમીન–મિલકત માહે (સી.ઓ.પી.વાળી મિલકતમાં) માં પ્લાન મંજુર કરવા બાબતે કોઈપણ પ્રકારની અરજદારના નામ સહિતની અરજીઓ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨–૪–૧૨ ની **SMC/FAP/** નં.૩ /૨૦૧૨–૧૩

શ્રી વિનોદચંદ્ર હિંમતરામ જરીવાલાની તા. ૦૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) જેનો ફા. પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન જે વૃંદાવન સોસાયટીના નામે ઓળખાય છે જેમા તા. ૧૪–૫–૧૯૮૬ના મંજુર થયેલ સાઈટ પ્લાનમાં બતાવેલ સી.ઓ.પી.ની જમીનમાં ત્રણ ભાગ બતાવેલ છે. આ જમીન–મિલકત માહે(સી.ઓ.પી.વાળી મિલકતમાં) માં પ્લાન મંજુર કરવા બાબતે કોઈપણ પ્રકારની અરજદારના નામ સહિતની અરજીઓ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૪–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં પ્રત્યુત્તર આપનાર પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો તેમના ઉપરી અધિકારી કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરાવવા વિનંતી અને તેની જાણ અત્રે કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૭ તા. ૯–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અજરદારને લગભગ ત્રણ સપ્તાહની વિલંબીત અપીલ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૭–૦૧–૧૨ની સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) જેનો ફા. પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન જે વૃંદાવન સોસાયટીના નામે ઓળખાય છે તેના બાંધકામ બાબતે મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. તેવી જ રીતે અરજદારે તા. ૭–૧–૧૨ના રોજ સરખી વિગતની આઈડી નં. ૧૫૨૪ મ્યુ. કમિશ્નર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે કોમ્પ્યુટર એન્ટ્રીના રેકર્ડ મુજબ સેન્ટ્રલઝોન તરફથી આઈડી નં. ૧૯૬૦ તા. ૯–૧–૧૨થી નિયત સમય અવધિમાં લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. તથા મ.શહેર વિકાસ વિભાગ તરફથી નિયત સમય અવધિમાં ટીડીઓ/નં. ૪૭૬ તા. ૧૨–૧–૧૨થી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. તથા બીજી તા. ૭–૧–૧૨ની સીધી અરજી લીંબાયતઝોનને કરવામાં આવેલ. આમ બન્ને અરજી લીંબાયતઝોનને સ્પર્શતી હોય, લીંબાયતઝોન ખાતે થયેલ છે. જેમાં મુદ્દા નં. (૧) સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩, ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) જેનો ફા. પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન જે વૃંદાવન સોસાયટીના નામે ઓળખાય છે જેમા તા. ૧૪–૫–૧૯૮૬ના મંજુર થયેલ સાઈટ પ્લાનમાં બતાવેલ સી.ઓ.પી.ની જમીનમાં ત્રણ ભાગ બતાવેલ છે. આ જમીન–મિલકત માહે(સી.ઓ.પી.વાળી મિલકતમાં) માં પ્લાન મંજુર કરવા બાબતે કોઈપણ પ્રકારની અરજદારના નામ સહિતની અરજીઓ, ફોર્મ, ઓળખપત્રો, એફિડેવીટ, પંચનામા સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ, પાવર ઓફ એટર્નીઓ, નવા–જુના તમામ પ્લાનો, પરમિશન, રસીદ, વાધાં અરજીઓ તથા આપના ઓફિસ તરફથી અન્ય ઓફિસ તથા અન્ય અધિકધારીઓને પાઠવેલ પત્ર વ્યવહારો તેના જવાબો, આખરી નિર્ણયો તથા આપના ઓફિસ તપાસ–કાર્યવાહી દરમ્યાન કરેલ ઓર્ડરો, અભિપ્રાય જેવા આ જમીનને લાગતા–વળગતા તમામ પ્રકારના વિગેરે પુરાવાઓની નકલોની સર્ટીફાઈડ કોપી આપશો. (૨) સુરત ડિસ્ટ્રીકટ, સુરતસીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩ ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા) જેનો ફા.પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન જે વૃંદાવન સોસાટીના નામથી ઓળખાય છે. જેમાં તારીખ ૧૪–૫–૧૯૮૬ ના મંજુર થયેલ સાઈટ પ્લાનમાં બતાવેલ સી.ઓ.પી.વાળી જમીન મિલકત બાબતે હાલમાં કોઈપણ પ્રકારના પ્લાન બાબતેની કાર્યવાહી ચાલુ છે કે કેમ , જો હા હોય તો તેની પુરાવા સહિત માહિતી આપશો. (૩) સુરત ડિસ્ટ્રીકટ, સુરતસીટી સબ ડિસ્ટ્રીકટનાં મોજે ગામ આંજણા રે.સ.નં.૭/૩ ટી.પી. સ્કીમ નં. ૭ (આંજણા) જેનો ફા. પ્લોટ નં. ૧૦૧ તથા ૧૦૬ વાળી જમીન

જે વૃંદાવન સોસાટીના નામથી ઓળખાય છે. જેમાં તારીખ ૧૪–૫–૧૯૮૬ ના મંજુર થયેલ સાઈટ પ્લાનમાં બતાવેલ સી.ઓ.પી.વાળી જમીનમાં આપના તરફથી લેવાયેલ આખરી કોઈ નિર્ણય લેવામાં આવેલ હોય તો તેનો જવાબ તથા પુરાવા સહિતની લેખિતમાં માહિતી આપશોજી. (૪) આવી સી.ઓ.પી. વાળી જમીનમાં પ્લાન મંજુર કરવામાં આવે છે કે કેમ ? તથા સુરત શહેરના લીંબાયત ઝોનમાં સી.ઓ.પી.વાળી જમીનમાં પ્લાન મંજુર કરવામાં આવે છે કે કેમ, જેના પુરાવા સહિતની લેખિતમાં સર્ટીફાઈડ માહિતી, નકલો આપશો. જે અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ માહિતી પુરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતા તા. ૨–૪–૧૨ના રોજ વિલંબીત અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૪૭ તા. ૯–૪–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો મંગાવવામાં આવેલ. જેમાં અરજદાર પાસે લગભગ ત્રણ સપ્તાહની વિલંબીત અપીલ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. તેમ છતાં તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પુરી પડાયેલી ન હોઈ, અરજદારની વિલંબીત અપીલ અરજીને ધ્યાનમાં લઈને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનોદચંદ્ર હિંમતરામ જરીવાલા,

અપીલ અરજી નં. ૪ તા.૨–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨–૩–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૭/૨૭૩૯, મિલ્કતને ગેરકાયદેસર ઉતરવા અંગેની તથા નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સીમેન્ટ ચણતર અંગેના મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ (૨) સદર મિલ્કત સીવીલ આર્કીટેક ઈજનેરના સોગંદનામાની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૪/૨૦૧૨–૧૩

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨–૩–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૭/૨૭૩૯, મિલ્કતને ગેરકાયદેસર ઉતરવા અંગેની તથા નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સીમેન્ટ ચણતર અંગેના મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ (૨) સદર મિલ્કત સીવીલ આર્કીટેક ઈજનેરના સોગંદનામાની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં માહિતી આપનાર પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો તદનુસારના અપીલ અધિકારી કક્ષાએથી અપીલની કાર્યવાહી હાથ ધરાવી તેની જાણ અત્રે કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૬ તા. ૧૨–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યારબાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા. ૨૫–૬–૧૨થી રૂબરૂમાં જઈ માહિતી આપ્યાની નકલ મેળવવામાં આવેલ તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨–૩–૧૨ની અરજીથી વોર્ડ નં. ૭/૨૭૩૯, મિલ્કતના અનુસંધાનમાં માહિતીની નકલ બાબતે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે માહિતીની નકલ ન આપવાથી અસંતુષ્ટ અને નારાજ થઈ તા. ૨–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. વધુમાં અરજદારે અપીલ અરજીના પત્રમાં પણ માંગેલ માહિતીની નકલ સમય અવધિ બાદ પણ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ અને મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી મળે તે માટે કાર્યવાહી કરવાની રજુઆત કરેલ અને સાથે મૂળ અરજી અને ફી ભર્યાની રસીદની નકલ રજુ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સ.ઝોન/આરટીઆઈ/આઉટ/નં. ૩૯ તા. ૫–૪–૧૨થી અપીલ દરમ્યાન અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) વોર્ડ નં. ૭/૨૭૩૯, મિલ્કતને ગેરકાયદેસર ઉતરવા અંગેની તથા નવા આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સીમેન્ટ ચણતર અંગેના મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી." તેવું જણાવેલ.

(૨) સદર મિલ્કત સીવીલ આર્કીટેક ઈજનેરના સોગંદનામાની માહિતીની નકલ. જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી." તેવું જણાવેલ.

(૩) સદર વિસ્તારના શહેર વિકાસ વિભાગ દ્વારા ડે.ઈજનેરના નામ, કર્મચારી નંબરની તથા પી.ટી.એ.(સાઈડ નોંધપોથી)ની ૧લી ફેબ્રુઆરી થી ૧૫ એપ્રિલ સુધીની માહિતીની નકલ. જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " સદર વિસ્તારના ડે. ઈજનેર શ્રી આર.સી.પટેલ છે. જેમનો કર્મચારી નં. ૧૪૭૪૦ છે. જેની પી.ટી.એ.(સાઈડ નોંધપોથી) ની ૧લી ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ સુધીની નકલ આ સાથે સામેલ છે." તેવું જણાવેલ.

(૪) ઉપરોકત એકપણ ડોકયુમેન્ટ રજૂ કરેલ ન હોય તો ધી.બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ કલમ–૨૬૦ મુજબ સદરનું બાંધકામ રોકવું યા ડીમોલેશન કરવા અંગેની માહિતીની નકલ. જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ" સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી." તેવું જણાવેલ.

આમ અરજદારે અપીલ માહિતી નહી મળ્યા બાબતે કરેલ. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૮૬ તા. ૧૨–૪–૧૨થી માહિતી મળ્યા બાદ નારાજગી હોય તો તેમનો પક્ષ રજુ કરવા જણાવેલ. પરંતુ અરજદારે અપીલ તબક્કે કોઈ પૂરક વિગતો રજુ કરેલ નથી. તથા તેમ કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારે માહિતી નહી મળ્યા અંગે અપીલ અરજી કરેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ હોઈ. અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૨–૦૩–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા,**

અપીલ અરજી નં. ૫ તા.૫–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલાની તા. ૧૪–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ૨/૫૧૪૦ની નજીક, હુસેન પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરતવાળી જગ્યામાં વિકાસ પરવાનગી આપવામાં આવી છે. (૨) હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવી છે ? આ મિલકતની આકારણી કોના નામે ચાલી રહેલ આવેલ છે. (૩) આ બાંધકામની પરવાનગી અંગેની રજાચિટ્ટીની નકલ આપવી વિગેરે મુદ્દા નં. (૧)થી (૧૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૫/૨૦૧૨–૧૩

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલાની તા. ૧૪–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ૨/૫૧૪૦ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરતવાળી જગ્યામાં વિકાસ પરવાનગી આપવામાં આવી છે. (૨) હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવી છે ? આ મિલકતની આકારણી કોના નામે ચાલી આવેલ છે. (૩) આ બાંધકામની પરવાનગી અંગેની રજાચિટ્ટીની નકલ આપવી વિગેરે મુદ્દા નં.(૧) થી (૧૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં માહિતી ન મળવાથી તથા વિલંબ બાદ પણ યોગ્ય માહિતી નહીં આપવાના ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. એ.આર.ડી/૪૨૬ આકારણી અને વસુલાત વિભાગ તા. ૨૨–૩–૧૨ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૮૭ તા. ૧૨–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને મૂળ માંગેલ માહિતી પૈકી પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવી કઈ માહિતી માટે શી વિગતે નારાજગી છે તે અંગે મુદ્દાવાર આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ તા. ૨૨–૩–૧૨ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૨૧–૪–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે

અરજદારની તા. ૧૪–૨–૧૨ની અરજીથી નં. ૨/૫૧૪૦ની નજીક, હુસેન પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરત ખાતે આવેલ મિલકતની ઉપર થયેલા બાંધકામ બાબતે મુદ્દા નં. (૧) થી (૧૩)ની માહિતી માંગતી અરજી મ.જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૮૦ તા. ૧૫–૨–૧૨ નિયત સમય અવધિમાં મ.જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલઝોન), ટાઉન પ્લાનરશ્રી(મધ્યસ્થ શહેર વિકાસ ખાતા)ને તબદીલ કરેલ. ત્યાર બાદ ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૬૦૫ તા.૧૫–૩–૧૨ નિયત સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઝોનલચીફ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એ.આર.ડી/૪૨૬ આકારણી અને વસુલાત વિભાગ તા. ૨૨–૩–૧૨ નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૨, ૬ અને ૯ અંગે માહિતી પુરી પાડેલ તથા પુરી પાડેલ માહિતી અંગે નાણા ભરવા પત્ર પાઠવવામાં આવેલ. જયારે અન્ય મુદ્દા અંગે માહિતી પુરી પાડેલ નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં નારજગીનું કારણ જવાબ આપવામાં આવેલ નથી. તેમજ માત્ર આકારણી વિભાગ દ્વારા નાણા ભરવા માટે પત્ર પાઠવી જણાવવામાં આવેલ તે પણ સમય મર્યાદા બાદ જણાવેલ હોઈ, માહિતી ફ્રીમાં મળવા પાત્ર છે. અરજીના મુદ્દા નં. (૧) ૨/૫૧૪૦ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરતવાળી જગ્યામાં વિકાસ પરવાનગી આપવામાં આવી છે.
(૨) હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવી છે ? આ મિલકતની આકારણી કોના નામે ચાલી આવેલ છે.
(૩) આ બાંધકામની પરવાનગી અંગેની રજાચિટ્ટીની નકલ આપવી.
(૪) ૨/૫૧૪૦ ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરતવાળી જગ્યામાં પ્લાન કયારે પાસ કર્યો છે પાસ કોપી આપવી.
(૫) ગટર તથા પાણીનાં કનેકશન આપવામાં આવેલ છે.
(૬) ૨/૫૧૪૦ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરત આકારણી દફતરે કોના નામ પર બોલે છે તેની નકલ આપવી. મુદ્દા નં. ૨ અને ૬ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " વોર્ડ નં. ૨ નોંધ નં. ૫૧૪૦ ની નજીક આવેલ નોંધ નં. ૫૧૩૯–બી થી નોંધાયેલ છે. જેમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરથી પાંચ માળ સુધી ટેના.નં. ૨ડી–૨૭–૧૫૪૧–૦–૦૦૧ થી ૨ડી–૨૭–૧૬૧૧–૦–૦૦૧ માં પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે ફાતેમા મુર્તુઝા રંગવાલાનું નામ આકારણી દફતરે દાખલ છે. જેના કોમ્પ્યુટરાઈઝડ પાર્ટી સ્ટેટસ પાના નંગ–૧૫નાં રૂા. ૩૦/–

ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. '' તેવું જણાવેલ.
(૭) ૨/૫૧૪૦ ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મોહલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરત બાંધકામ કાયદેસર બંધાયેલ છે એવો રિપોર્ટ કરનાર અધિકારીનાં નામ, સરનામા અને પોસ્ટ જણાવવું ?
(૮) ૨/૫૧૪૦ ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મોહલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરત બાંધકામ અંગેની ફાઈલ આરટીઆઈએકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસની ફી ભરપાઈ કરી તપાસણી કરવા અમને મંજુરી આપશોજી.
(૯) ૨/૫૧૪૦ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ,સુરત હાલમાં આ બાંધકામ અગાઉ જગ્યા કયા હેતુવાળું હતુ તેની માહિતી આપવી ? જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ '' હુસેની એવન્યુના નવા બાંધકામ અગાઉ જુની મિલકત જરી વીવીંગ તથા વસવાટના હેતુ તરીકે ઉપયોગ હેઠળ હતી.'' તેવું જણાવેલ.
(૧૦) ૨/૫૧૪૦ ની નજીક, હુસેની પ્લાઝા, ફરામ મહોલ્લો, રૂસ્તમપુરા પોલીસ ચોકી રોડ, સુરતવાળી જગ્યામાં પ્લાન પાસ કર્યા બાદ અત્યાર સુધીમાં પ્લાન કેટલીવાર રીવાઈઝ કર્યો છે ?
(૧૧) બી.યુ.સી.આપવામાં આવેલ છે કે નહિ તે જણાવવું.
(૧૨) આ બાંધકામને કોર્મશિયલ કે રેસીડેન્સીલ પરમીશન આપવામાં આવેલી છે ? કે બન્ને ભેગી આપવામાં આવી છે ?
(૧૩) આ મિલકત ઉપર વગર પરવાનગીએ બાંધકામ થઈ રહ્યું હોય તો તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આકારણીને લગતી માહિતી નિયત સમય અવધિ બાદ નાણાં ભરી માહિતી મેળવવા જણાવેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને ૭(૬) સાથે સુસંગત નથી. આથી અરજદારને વિના મૂલ્યે માહિતી પુરી પાડવાની રહે તેમજ નહી પુરી પાડેલ માહિતી પણ અરજદારને પુરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૫–૪–૧૨ ધ્યાને લેતાં ૪–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૯–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્ર યોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'' અરજદારની તા.૧૪–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહી પુરી પડાયેલી તથા પુરી પાડવામાં આવેલ માહિતી અંગે નાણાં ભરવાનો પત્ર નિયત સમય અવધિ બાદ પાઠવવામાં આવેલ હોય. બન્ને માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં લાગુ કિસ્સામાં મૂળ અરજીથી માંગેલ તપાસણી સહિત પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી –સ ેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.''

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ –૧૨

(૧) પ્રતિ,ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલા**

અપીલ અરજી નં.૬ તા.૫–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન)
ડે.કમિશનર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન,રીક્રુટમેન્ટ)
કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)
ચીફ ફાયર ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી ત.જાહેર માહિતી અધિકારી (સો.વે.મે.)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧–૨–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ હેવી વ્હીકલની સામે ૧૦ હેવી વ્હીકલ ડ્રાઈવરોની જગ્યાએ કુલ ૧૬ હેવી વ્હીકલ ડ્રાઈવરની નિમણૂંકમાં ૬ વધારાનાં હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણૂંક કરવા અંગેની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૪–૧૨ ની **SMC/FAP/** નં.૬/૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧–૨–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ હેવી વ્હીકલની સામે ૧૦ હેવી વ્હીકલ ડ્રાઈવરોની જગ્યાએ કુલ ૧૬ હેવી વ્હીકલ ડ્રાઈવરની નિમણૂંકમાં ૬ વધારાનાં હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણૂંક કરવા અંગેની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબતે અસત્ય અને જુઠ્ઠી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા પૂર્વ સંદર્ભ–તપાસ માહિતી સરખી બાબતે આપેલ હોય તો તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮ તા. ૧૨–૪–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન), ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી ,અધિકારી (રાંદેરઝોન,રીક્રુટમેન્ટ), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) , ચીફ ફાયર ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી ત.જાહેર માહિતી અધિકારી (સો.વે.મે.) તથા અરજદારને મૂળ માંગેલ માહિતીની અવાંચ્ય, અસ્પષ્ટ અને અધુરી નકલ રજૂ કરેલ હોઈ, ફીની વિગત સહ પુરી વિગત રજૂ કરવા તથા મુદ્દાવાર–પક્ષકાર જાહેર માહિતી અધિકારી સામે આધાર સહ નારાજગી જણાવવા સાથે જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર જે તે નારાજગી સામે અપીલ અધિકારીને અપીલ કરવાની રહે તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૬૦ તા. ૨૩–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૦૫ તા. ૨–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, લીંબાયતઝોન, અઠવાઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ચીફ ફાયર ઓફિસરશ્રી, સો.વે.મે., મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૮૮૦ તા. ૧૭–૨–૧૨ થી અરજદારને નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૪૧૧૭ તા. ૦૬–૩–૧૨ થી અરજદારને ઈન્સ્પેકશન આપવા પાઠવેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૧૭૧૪૫૫ તા. ૧૩–૩–૧૨ થી રૂા. ૬/– ભર્યાની રસીદની રસીદ, કુલ વાહનો /ડ્રાઈવરની જગ્યાની માહિતી દર્શાવતા પત્રકની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૨૦ તા. ૧૪–૧૦–૦૫ નાઓર્ડરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૦૨ તા. ૨૪–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલપત્રની નકલ, મુળ અરજીની નકલ,

ડ્રાઈવરના નામ, કર્મ. નંબર, વ્હીકલ નંબર તથા વ્હીકલના પ્રકારનું વિગત દર્શાવતું પત્રકની નકલ, ગાયત્રી ડેપોના હેવી/ ફોર વ્હીકલ ડ્રાઈવર તેમજ કલીનર/બેલદારના નામ અને કર્મચારી નંબર સહિતની માહિતી પત્રક, અરજદારને મુદ્દા નં. ૬ અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૪૨૫ તા. ૧–૩–૧૨ ના પત્રની નકલ, કતારગામઝોનના હાલના કુલ ડ્રાઈવરના નામ, કર્મ. નંબર તથા વાહનની માહિતીના પત્રકની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૬ તા. ૧–૫–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧૯ તા. ૨૯–૨–૧૨ થી કાયમી ડ્રાઈવરોના નામ, કર્મ. નંબર ના પત્રકની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૬ તા. ૧–૫–૧૨ થી ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પૂરક પત્રમાં જ પ્રત્યુત્તર લખી તા. ૨૦–૪–૧૨ ના રોજ પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧–૨–૧૨ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં નિમણુંક આપેલડ્રાઈવરો બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી તમામઝોનના ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમને સ્પર્શતી માહિતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૨૨૦૫ તા. ૨–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, લીંબાયતઝોન, અઠવાઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ચીફ ફાયર ઓફિસરશ્રી, સો.વે.મે., મધ્યસ્થ મહેકમને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૩૮૮૦ તા. ૧૭–૨–૧૨ થી નિયત સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/ આ.નં.૮૪૨૫ તા. ૧–૩–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૬૧૯ તા. ૨૯–૨–૧૨ થી નિયત સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૪૬૯૭ તા. ૨૮–૨–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૧૦ તા. ૨૯–૨–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આરોગ્ય/ ૧ ૮૮ તા.૧–૩–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/ સો.વે.મે./આ.નં.૨૦૦૭ તા. ૧૯–૩–૧૨ થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનમાં કુલ ૪૧ હેવી વ્હીકલની સામે ૧૦ હેવી વ્હીકલ ડ્રાઈવરોની જગ્યાએ કુલ ૧૬ હેવી વ્હીકલ ડ્રાઈવરની નિમણૂંકમાં ૬ વધારાનાં હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણૂંક કરવા અંગેની માહિતીની નકલ.

મુદ્દાનં.(૨) સાઉથ (ઉધના) ઝોનમાં કુલ ૩૦ વ્હીકલોની સામે ૩૦ હેવી વ્હીકલ ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં ૨૦ વધારાનાહેવી વ્હીકલ ડ્રાઈવરો રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરોગ્ય/૧૮૮ તા. ૧–૩–૧૨ થી ઉધનાઝોનમાં કુલ–૩૦ વ્હીકલ તથા ૩૦ હેવી વ્હીકલ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલછે જે તેમને ભુલથી ખોટી વિગત જણાવેલ છે. ઉધનાઝોનમાં આરોગ્ય વિભાગ તથા એન્જી. વિભાગના કુલ ૪૬ વાહનો ચાલુ હાલતમાં છે તથા કુલ ૫૦ હેવી વ્હીકલ ડ્રાઈવર છે જેમાં ૦૩ ડ્રાઈવરો વીકલી ઓફ રીલીવર તરીકે ફરજ બજાવે છે તથા મારૂતીવાન પર સવાર–સાંજ (બે) ડ્રાઈવરો ફરજ બજાવે છે માટે ઉધનાઝોનમાં વધારાના હેવી વ્હીકલ ડ્રાઈવરો નથી ઉધનાઝોનમાં કુલ વાહનો તથા ડ્રાઈવરોની વ્હીકલ નંબર, વ્હીકલનું નામ, હેવી ડ્રાઈવરનું નામ અને કર્મ. નંબર સહિતનું માહિતીનુ પત્રક અરજદારને આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૩) સા.ઈ.લીંબાયતઝોનમાં કુલ ૫૮ વ્હીકલની સામે ૫૮ હેવી વ્હીકલ ડ્રાઈવરો હોવા છતાં ૧૮ વધારાના હેવી વ્હીકલ ડ્રાઈવરો રાખવા અંગેની અને ૧૬ ડ્રાઈવરો કોન્ટ્રાકટ પણ ચાલુ રાખવા અંગેની માહિતી કે બંધ ન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/આ.નં.૩૨૦૩ તા. ૧–૨–૧૨ થી નિયત સમય અવધિમાં લીંબાયતઝોનની દફતરી રેકર્ડ તપાસતાં કોન્ટ્રાકટ પર રાખવામાં આવતા ડ્રાઈવરોની સંખ્યા નીલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૪) સો.વે.મે. વિભાગ ૫૦ વ્હીકલમાં ૫ કન્ડમ, ૪ કોન્ટ્રાકટના ૧ વેકસીન ડીપાર્ટ. ૭ ડ્રાઈવરોને ખોટી રીતે ડબલવાર જણાવેલ છે બાકી વધેલ ૩૩ ડ્રાઈવરોની સામે ૩૩ ડ્રાઈવર હોવા છતાં ૧૬(૧૪) તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક અંગેની માહિતીની નકલ અને કાયમી ૩૩ ડ્રાઈવરોના નામ અને કર્મ. નંબર તથા વ્હીકલના નામ , નંબર સહિતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર નં.પીએચડી/સોવેમે/આ.નં.૨૦૦૭ તા. ૧૯–૩–૧૨ થી તા. ૧૦–૨–૧૧ નીઆરટીઆઈ હેઠળની અરજી આઈ ડી નં.૧૧૯૯ અને મા. ડે. કમિ. અને એપેલેટ અધિકારીશ્રીના પત્ર નં.અરટીઆઈ સેલ/૨૧૦ તા. ૧૬–૫–૧૧ અન્વયે સો.વે.મે. વિભાગમાં ફાળવવામાં આવેલ વાહનો અને તેના પર ફરજ બજાવતાં ડ્રાઈવરોની માહિતી કચેરીના તા. ૧૦–૬–૧૧ ના પત્ર નં.પીએચડી/સોવેમે/૪૪૭ થી પાઠવવામાં આવેલ જેની નકલ આપવામાં આવેલ છે જેમાં કુલ ૫૧ વાહનો અને તેના પર ફરજ બજાવતા ડ્રાઈવરોની માહિતી આપવામાં આવેલ. જે ૫૧ વાહનો પૈકી ૪વાહનો ઓપરેશન મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ હેઠળ , ૩ વાહનો કંડમ, ૩ વાહનો અન્ય ઝોન/ વિભાગમાં ફાળવેલ હોવાનું, ૦૬

વાહનો ખાતાની જરૂરીયાત મુજબ ઉપયોગમાં લેવાતા હોવાનું અને ૪ વાહનો શરત ચૂકથી ડબલવાર જણાવેલ હતા બાકી રહેતા ૩૧ વાહનો પર ફરજ બજાવતા કુલ ૩૪ ડ્રાઈવરો અને કર્મ. નંબરની માહિતી આપવામાં આવેલ હતી. જે પૈકી ૩ વાહનો ડબલ શીફટમાં કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતા હતા. આ ઉપરાંત હાલમાં ખાતા પાસે કુલ ૪૪ વાહનો અને ૪૮ ડ્રાઈવરો ઉપલબ્ધ હોવાનુ કચેરીના તા. ૯–૨–૧૨ ના પત્ર નં.પીએચડી/સોવેમે/૧૭૯૫ થી અગાઉ જણાવવામાં આવેલ. જેમાં જણાવેલ ૫૧ વાહનોમાંથી કંડમ કરેલ ૦૩ વાહનો અને શરતચૂકથી ડબલવાર જણાવેલ ૦ ૪ વાહનો તથા અન્ય વિભાગ/ઝોનને ફાળવવામાં આવેલ ૦૩વાહનો મળી હાલમાં ઉપલબ્ધ ૪૪ વાહનો અને તેના ફરજ બજાવતાં ડ્રાઈવરોની વિગતવાર માહિતીનું પત્રક આપવામાં આવેલ છે. વધુમાં ખાતાને ફાળવવામાં આવેલ કુલ–૪૮ ડ્રાઈવરો પૈકી ૧૫ ડ્રાઈવરો સો.વે.મે. વિભાગમાંથી પગાર મેળવી અન્ય વિભાગ/ઝોનમાં ફરજ બજાવે છે જેની માહિતી અરજદારને આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૫) ઈમરજન્સી ફાયર વિભાગમાં કુલ ૯૮ હેવી વ્હીકલની સામે પહેલાથી જ ૧૯ હેવી વ્હીકલ ડ્રાઈવરોનો વધારો હોવા છતાં ૨૧ તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક બે એમ્બ્યુલન્સના કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ પણ ચાલુ રાખવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ચીફ ફાયર ઓફિસર તરફથી પત્ર નં. એફઈએસ/આ.નં.૪૬૯૭ તા. ૨૮–૨–૧૨ થી હાલના સંજોગોમાં સુરત શહેરની અને સુરત જીલ્લાની જનતાની વર્દીઓને પહોંચી વળવા માટે સુમપાની માલીકીની એમ્બ્યુલન્સ અપૂરતી સંખ્યામાં હોવાથી એમ્બ્યુલન્સનો કોન્ટ્રાકટ બંધ કરવો હીતાવહ નથી. વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ ધોરણે એમ્બ્યુલન્સ તથા શબવાહીની મેળવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે જે કાર્યવાહી ચાલુ છે.

મુદ્દા નં.(૬) નોર્થ (કતારગામ) ઝોનમાં ૫૮ વ્હીકલની સામે ૧૭ તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક –૫ વધારાના ડ્રાઈવરો અને ૮ ડ્રાઈવરો કોન્ટ્રાકટના પણ ચાલુ રાખવા અંગે કે બંધ ન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/ આ.નં.૮૪૨૫ તા. ૧–૩–૧૨ થી નોર્થઝોનના ડ્રાઈવરોના નામ, કર્મ નંબર તથા વાહન સહિતની માહિતીનું પત્રક અરજદારને પુરું પાડવામાં આવેલ છે.

મુદ્દાનં.૭ સા.વે.(અઠવા) ઝોનમાં ૪૮ વહીકલની સામે ૩૮ તાલીમાર્થી ડ્રાઈવરોની સંખ્યા નિમણુંક અને કુલ ૧૦ કાયમી ડ્રાઈવરોના નામ, કર્મ. નંબર અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧૯ તા. ૨૯–૨–૧૨ થી અઠવાઝોનમાં ૪ ૮ વ્હીકલની સામે ૩૮ તાલીમાર્થી ડ્રાઈવરોની સંખ્યાની નિમણુંક અને કુલ ૧૦ કાયમી ડ્રાઈવરોના નામ, કર્મચારી નંબર અંગેની માહિતી બાબતે કાયમી ડ્રાઈવરોની સંખ્યા –૨૭ છે. જયારે તાલીમાર્થી ડ્રાઈવરોની સંખ્યા ૨૧ છે. કાયમી ડ્રાઈવર તથા તાલીમાર્થી ડ્રાઈવર મળી કુલ ૪૮ થાય છે. જેના નામ, કર્મ. નંબર સહિતનું પત્રક અરજદારને આપવામાં આવેલ છે.

મુદ્દા નં.(૮) ઈસ્ટ(વરાછા) ઝોનમાં ૫૩ વ્હીકલની સામે ૫૩ ડ્રાઈવરોની સંખ્યામાં ૭ બેલદારો ડ્રાઈવરોનું કાર્ય કરેછે એટલેકે વ્હીકલ ડ્રાઈવીંગ કરે છે તે સાત બેલદારોના લાયસન્સની અને તેમની પાસે ડ્રાઈવીંગની ફરજ અંગેની માહિતીની નકલ.

મુદ્દાનં.૯ વેસ્ટ (રાંદેર) ઝોનમાં ૫૦ વ્હીકલની સામે ૫૦ ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં વધારાના ૧૯ તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૧૦ તા. ૨૯–૨–૧૨ થી વેસ્ટઝોન ખાતેથી આરટીઆઈ/૯૧૨ તા. ૬–૧–૧૨ થી આપેલ માહિતી મુજબ કુલ –૬૪ વ્હીકલ છે જેની સામે ડીસે.–૨૦૧૦ માં કુલ ૪૩ કાયમી ડ્રાઈવરો હતા જે પૈકી બદલી મરણ તથા અન્ય સ્થળે ફરજ સોંપવામાં આવતા ખરેખર ૨૦૧૦ ના રેકર્ડ મુજબ ૪૦ ડ્રાઈવરો ફરજ બજાવે છે આમ સંસ્થાકીય ખાલી જગ્યા તેમજ ભવિષ્યની જરૂરીયાત ધ્યાને રાખી ડ્રાઈવરોની ભરતી કરવામાં આવેલ અને પસંદગી પામેલ ડ્રાઈવરો પૈકી વેસ્ટઝોન ખાતે ૧૯ તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક કરવામાં આવેલ જેની માહિતી પણ તમોને અગાઉ આપેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૧૦) સદર જાહેરાત ડ્રાઈવરોની ખાલી જગ્યામાં શિ. કાસ્ટની માંગણી કરવામાં આવેલ ન હોવા છતાં ૧૫ શિ. કાસ્ટની શિ.કા. સહિત ભરતી કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૮૦ તા. ૧૭–૨–૧૨ થી સેન્ટ્રલઝોન ખાતાને લાગત માહિતી/દસ્તાવેજો માટે જણાવેલી વિગતો અનુસાર રૂા. ૬૦/– જમા કરાવવાનું જણાવવામાં આવેલ.

ત્યાર બાદ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૧૭ તા. ૬–૩–૧૨ થી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૮૮૦ તા. ૧૭–૨–૧૨ ના પત્રથી થી ખાતાને લાગત રેકર્ડ/દસ્તાવેજોની નકલ ફી ના રૂા. ૬૦/ ભરપાઈ કરવા જણાવેલ. જેના અનુસંધાને તા. ૨૫–૨–૧૨ ની અરજીથી રેકર્ડની રૂબરૂ ચકાસણી કરવા રજૂઆત કરેલ હોય નિયમોનુસાર રેકર્ડ ચકાસ ણી અંગે તા. ૧૨–૩–૧૨ ના રોજ સવારે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે દરમ્યાન કચેરીએ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૩–૧૨ ના રોજ ઈન્સ્પેકશન કરી ખપ પૂરતી નકલો અરજદારે સેન્ટ્રલઝોન

ખાતે રસીદ નં.૧૭૧૪૫૫ તા. ૧૩–૩–૧૨ થી રૂા.૦૬/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે અને તેવું જણાવતી માહિતી પત્રકની પાછળ તા.૧૩–૩–૧૨ ના રોજ સહી કરી જણાવેલ છે.

અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અસત્ય અને જુઠી માહિતી આપેલ છે તથા મુદ્દા નં.૮ થી ૧૦ ના જાહેર માહિતી અધિકારીઓએ માહિતી આપવાની દરકાર કરેલ નથી તેવું જણાવી તા. ૫–૪–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮ તા. ૧૨–૪–૧૨ થી માહિતી અવાંચ્ય અને અસ્પષ્ટ અધૂરી નકલ રજૂ કરેલહોય ફી ની વિગત સહિત પૂરી વિગત રજૂ કરવા તથા મુદ્દાવાર પક્ષકાર જાહેર માહિતી અધિકારી સામે આધારસહ નારાજગી જણાવવા સાથે જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર જે નારાજગી સામે અપીલ અધિકારીને અરજી કરવાની રહે તેવો પત્ર પાઠવવામાં આવેલ. અરજદાર તરફથી રજૂ કરેલ તા. ૨૦–૪–૧૨ ના પત્રમાં તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. અને તેમ કરવામાં સફળ રહેલ નથી.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમની માહિતી અંગે ૬૦/– ભરવાનું જણાવેલ. જે અંગે અરજદારે તા. ૨૪–૨–૧૨ ના પત્રથી તપાસણીની માંગણી કરેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તા. ૧૩–૩–૧૨ ના પત્રથી રેકર્ડની ચકાસણી માટે પત્ર પાઠવેલ. જેમાં ત્રણ જ નકલોની માંગણી કરેલ અને જે રૂા.૬/– ભરી દીધેલ અને માહિતીની નકલ મેળવેલ છે તેવું અપીલમાં જણાવેલ છે આથી અરજદારે તે બાબતે કોઈ તકરાર ન હોવાનું જણાવેલ છે. આથી અરજદારના મુદ્દા નં.૧૦ હોઈ અને તેની માહિતી મેળવેલ હોઈ તે અંગે કોઈ તકરાર રહેતી નથી. અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી એફઈએસ/૪૬૯૭ માં માહિતી આપવામાં નિષ્ફળ ગયેલ છે તેવું રજૂઆત કરેલ છે જેમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને બે એમ્બ્યુલન્સ કોન્ટ્રાકટરોના કોન્ટ્રાકટ પર ચાલુ રાખવા અંગેની માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૧૧૧૦ માં અસત્ય અને જુઠી માહિતી આપેલ છે તેવી રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે અપીલ ફોર્મમાં મુદ્દા નં.૯ ની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. આમ બંને રજૂઆતો વિરોધાભાસી છે. વધુમાં અરજદારને રાંદેરઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે અને પત્રકો બાબતે માહિતી અગાઉ આપેલ હોવાનું પણ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧૯ તા. ૨૯–૨–૧૨ થી આપેલ માહિતીમાં અરજદારે ૪૮ વ્હીકલ સામે ૩૮ ડ્રાઈવરોની સંખ્યા હોવા છતાં ૧૦ કાયમી ડ્રાઈવરોના નામ, કર્મ. નંબર અંગેની માહિતીની નકલની સામે ૨૨ વધારાના ડ્રાઈવરોની નિમણુંક જણાવેલ છે જેની સામે વ્હીકલની સંખ્યા ૪૮ છે તેવી રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ અઠવાઝોનમાં કાયમી ડ્રાઈવરોની સંખ્યા ૨૭ છે તથા તાલીમાર્થી ડ્રાઈવરોની સંખ્યા ૨૧ છે આમ કુલ તાલીમાર્થી મળી કુલ સંખ્યા ૪૮ જણાવેલ છે અને તે મુજબ કર્મ. નંબર, ડ્રાઈવરનું નામ અને રીમાર્કસ સહિતનું વિગતવાર પત્રકમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી આપવામાં આવેલ જેમાં માહિતી અસત્ય અને જુઠી તેવી રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. ઉધનાઝોન તરફથી અરજદારને ૪૬ વાહન ચાલુ હાલતમાં અને ૫૦ ડ્રાઈવર નું પત્રક પુરું પાડેલ છે ૫૦ ડ્રાઈવર પૈકી ૩ વીકલી રીલીવર અને ૨ મારૂતી પર ડબલ ડ્રાઈવર હોવાનું જણાવેલ છે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આપવામાં આવેલ માહિતી બાબતે અરજદારે કતારગામઝોનના કુલ ડ્રાઈવરના નામ, કર્મ નંબરની આપેલ માહિતી બાબતે ૨૨ વાહનો સામે ૨૨ ડ્રાઈવરો તથા ૨ રીલીવર ડ્રાઈવરો જણાવેલ છે જેમાં અરજદારે ડ્રાઈવરનો ઉપયોગ ડબલવાર કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જેમાં ૦૨ રીલીવર ડ્રાઈવર છે. જયારે અરજદારના પત્રકમાં ૫૯ ક્રમાંક સુધીમાં કરેલ રજૂઆતમાં ૫૯ વ્હીકલની જે રજૂઆત કરેલ છે જેમાં ૧ થી ૫૯ ક્રમાંકમાં ક્રમાંક નં.૨૩,૨૪ અને ૫૭ થી ૫૯ માં વ્હીકલ જણાવેલ નથી પરંતુ ફકત રીલીવર ડ્રાઈવર જણાવેલ છે. આથી વ્હીકલની સંખ્યા ૧ થી ૫૯ ક્રમાંકમાં ૫૪ છે જયારે ક્રમાંક નં.૨૬,૪૮,૫૦,૫૫,૫૬ કોલમમાં ડ્રાઈવરના નામ જણાવેલ નથી આથી ૫૯ ક્રમાંકમાં ડ્રાઈવરની સંખ્યા પણ ૫૪ થાય આમ ૫૪ વાહનો સામે ૫૪ ડ્રાઈવર દર્શાવેલછે આમ અરજદારની ૫૯ વ્હીકલો હોવાની રજુઆત સુસંગત નથી. જયારે ૬૦ થી ૬૬ ક્રમાંક નંબરમાં ૬ ડ્રાઈવર કોન્ટ્રાકટ બેઈઝ ઉપર ડ્રેનેજ વિભાગના હોવાનું જણાવેલ છે. જેમાં અરજદારે ૭ ડ્રાઈવરો હોવાની રજૂઆત સુસંગત નથી. અરજદારે મ. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી તા. ૧૯–૩–૧૨ ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૨૦૦૭ થી અમો અરજદારની માહિતીના મુદ્દા નં.૪ અંગેની માહિતીની નકલ તા. ૧૦–૨–૧૨ ની આરટીઆઈ આઈડી નં.૧૧૯૯ માં ૩૧ વ્હીકલની સામે ૩૪ ડ્રાઈવરોની સંખ્યા જણાવેલ છે. હવે હાલમાં આરટીઆઈ ૧૭૩૨ માં ૪૮ ડ્રાઈવરો તેઓશ્રીના ખાતામાં ફાળવવામાં આવેલ છે પરંતુ કયા ખાતામાંથી ફાળવવામાં આવેલ છે જેની માહિતી જણાવેલ નથી અને તેમાંથી પણ ૧૫ ડ્રાઈવરો સો.વે.મે. વિભાગમાંથી પગાર મેળવી અન્ય કયા ઝોન/ વિભાગમાં ફરજ બજાવે છે તેની પણ માહિતી સ્પષ્ટ આપેલ નથી. જેથી અમો અરજદારના મુદ્દાનં.૪ મુજબ ૩૩ વ્હીકલની સામે ૨૮ ડ્રાઈવરો વધારાના રોકી રાખેલ છે.પરંતુ અરજદારે મુળ અરજીમાં ૫૮ વ્હીકલ સામે ૧૭ તાલીમાર્થી ડ્રાઈવરોની નિમણુંક પાંચ વધારાના ડ્રાઈવરો અને ૮ કોન્ટ્રાકટરના ડ્રાઈવરો પણ કોન્ટ્રાકટમાં ચાલુ રાખવા અંગે કે બંધ ન કરવા અંગેની માહિતી માંગેલ છે. જે અંગે પીએચડી/સોવેમે/આ.નં.૨૦૦૭ તા.૧૯–૩–૧૨ થી સ્પષ્ટતા કરી સુધારેલ પરિસ્થિતિ મુજબ માહિતી પૂરી પાડેલ છે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી આપવામાં આવેલ૪૮ ડ્રાઈવરો તેમના ખાતામાં ફાળવવામાં આવેલ છે પરંતુ કયા ખાતામાંથી જેની માહિતી જણાવેલ નથી તેમજ ૧૫ ડ્રાઈવરો સોવેમે ખાતામાંથી પગાર મેળવી અન્ય કયા ઝોન/ વિભાગમાં ફરજ બજાવે છે તેની માહિતી પૂરી પાડેલ નથી તેવી મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

આમ અરજદારને મુદ્દાનં.૧ અંગે સેન્ટ્રલઝોન, મુદ્દાનં.૩ અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા મુદ્દા નં.૮ અંગે વરાછાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૭ સોવેમે તરફથી ૪૪ વાહનો અને ડ્રાઈવરોની માહિતી બાબતે કયા ખાતાઓને ફાળવણી કરવામાં આવેલ છે તેમજ ૧૫ ડ્રાઈવરો અન્ય ઝોનમાં ફરજ બજાવતા હોવાની આપેલ માહિતીમાંથી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન અરજદારે ઉપસ્થિત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૫–૪–૧૨ ધ્યાને લેતાં ૪–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૯–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, મુદ્દા નં.૩ અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન જયારે મુદ્દા નં.૮ ની વરાછાઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોય દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તેમજ તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૭ અંગે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતીમાંથી ૪૮ ડ્રાઈવરોની માહિતીમાં કયા ખાતામાં ફાળવવામાં આવેલ છે તેની માહિતી તથા ૧૫ ડ્રાઈવરો પગાર મેળવી અન્ય કયા ઝોન/ વિભાગમાં ફરજ બજાવે છે તેવા મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પૂરક પ્ર શ્ન અંગે આરટીઆઈએકટની જોગવાઈઓ અને નિયમ મુજબ અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) , એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન),સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન/ , ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન,રીક્રૂટમેન્ટ), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન), ચીફ ફાયર ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી ત.જાહેર માહિતી અધિકારી (સો.વે.મે.)...જાણ તથા અમલ માટે

**(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

અપીલ અરજી નં. ૭ તા. ૭–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરશીભાઈ જીવરાજભાઈ ડાંખરા
સામાવાળા :– તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરશીભાઈ જીવરાજભાઈ ડાંખરાની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ, જેનો બ્લોક નં. ૧૪૨, ટીપી સ્કીમ નં. ૨૦ (નાનાવરાછા), ઓપી નં. ૨૩, એફ.પી. નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સીવાળી જમીનનો સને ૨૦૦૨ થી ૨૦૧૨ના વર્ષ સુધીમાં કેટલા મીટર જમીનનો પ્લાન મંજુર કરવાનો બાકી રહેલ છે અને હાલમાં સદર જગ્યા ખુલ્લી છે કે કેમ અને બાંધકામ થઈ ગયેલ હોય તો કયારે કયા વર્ષમાં બાંધકામ થયેલ છે અને સદર જગ્યા પર બાંધકામ કરેલ હોય તેના વિરુદ્ધમાં કયારે કેવા પ્રકારની કાર્યવાહી કરાયેલ છે તેની વિસ્તૃત માહિતીઓ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૭–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૭ /૨૦૧૨–૧૩

શ્રી નરશીભાઈ જીવરાજભાઈ ડાંખરાની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ, જેનો બ્લોક નં. ૧૪૨, ટીપી સ્કીમ નં. ૨૦(નાનાવરાછા), ઓપી. નં. ૨૩, એફ.પી. નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સી વાળી જમીનનો સને ૨૦૦૨ થી ૨૦૧૨ના વર્ષ સુધીમાં કેટલા મીટર જમીનનો પ્લાન મંજુર કરવાનો બાકી રહેલ છે અને હાલમાં સદર જગ્યા ખુલ્લી છે કે કેમ અને બાંધકામ થઈ ગયેલ હોય તો કયારે કયા વર્ષમાં બાંધકામ થયેલ છે અને સદર જગ્યા પર બાંધકામ કરેલ હોય તો તેના વિરુદ્ધમાં કયારે કેવા પ્રકારની કાર્યવાહી કરાયેલ છે તેની વિસ્તૃત માહિતીઓ વિગેરે મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૯૭૯ તા. ૦૦–૦૨–૧૨થી તારીખ વગરના પત્રથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૪–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા વધુમાં માહિતી ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતર નાશ–નિકાલની વિગતો કે તે માટેનું વાજબીપણું તથા મુદ્દા નં. ૧ અંગે પાણી, ડ્રેનેજ, આકારણી દફતરે કોઈ વિગત હોય તો તે પણ સ્પષ્ટ કરવા** પત્ર નં આરટીઆઈ સેલ/૮૯ તા. ૧૨–૪–૧૨થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને મુદ્દા નં. ૩ની મળેલ માહિતી અંગે આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા સાથે સપ્તાહ ઉપરાંતની વિલંબીત અપીલ અંગે કલમ–૧૯(૧) હેઠળ જવાબીપણું પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૧૯–૪–૧૨નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ ૯૭૯ તા. –૨–૧૨થી લખેલ પત્ર જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરતાં રૂબરૂમાં મળેલ હોવાનું અરજદારે જણાવેલ. જેમાં જણાવેલ વિગત મુજબ માહિતી આપવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ, જેનો બ્લોક નં. ૧૪૨, ટીપી સ્કીમ નં. ૨૦(નાના વરાછા), ઓપી. નં. ૨૩, એફ.પી. નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સી વાળી જમીનનો સને ૨૦૦૨ થી ૨૦૧૨ના વર્ષ સુધીમાં કેટલા મીટર જમીનનો પ્લાન મંજુર કરવાનો બાકી રહેલ છે અને હાલમાં સદર જગ્યા ખુલ્લી છે કે કેમ અને બાંધકામ થઈ ગયેલ હોય તો કયારે કયા વર્ષમાં બાંધકામ થયેલ છે અને સદર જગ્યા પર બાંધકામ કરેલ હોય તો તેના વિરુદ્ધમાં કયારે કેવા પ્રકારની કાર્યવાહી કરાયેલ છે તેની વિસ્તૃત માહિતીઓ. (૨) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ જેનો બ્લોક નં. ૧૪૨, ટી.પી.સ્કીમ નં. ૨૦(નાના વરાછા), ઓપી નં. ૨૩, એફ.પી.નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સી વાળી જમીનમાં કેટલા મીટર જમીનનો પ્લાન મંજુર કરવાનો બાકી રહેલ છે. સને ૨૦૦૨ થી ૨૦૧૨ સુધીમાં સદર જગ્યા ઉપર ગેરકાયદેસર બાંધકામ

થયેલ હોય તેમાં કયા અધિકારી/રાજકીય હસ્તી સંડોવાયેલ છે અને સદર બાબતે કોની જવાબદારી ગણી શકાય તેની વિસ્તૃત માહિતીઓ. (૩) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ જેનો બ્લોક નં. ૧ ૪૨, ટી.પી.સ્કીમ નં. ૨૦(નાના વરાછા), ઓપી નં. ૨૩, એફ.પી.નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સી વાળી જમીનમાં મંજુર થયેલ સને–૨૦૦૨ થી ૨૦૧૨ સુધીમાં રી–વાઈજ પ્લાન મંજુર અર્થે રજુ થયેલ છે કે કેમ તેની વિસ્તૃત માહિતીઓ. મુદ્દા નં. ૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિમાં " રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય, માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.
(૪) મોજે ગામ નાના વરાછાનો રે.સ.નં. ૮૧/૧, ૮૧/૧–બ, ૮૫–બ, ૮૬/૨–બ જેનો બ્લોક નં. ૧૪૨, ટી.પી.સ્કીમ નં. ૨૦(નાના વરાછા), ઓપી નં. ૨૩, એફ.પી.નં. ૨૩/એ, ૨૩/બી, ૨૩/સી વાળી જમીનમાં કેટલા મીટર જમીન પબ્લીક પર્પઝ માટે રીજર્વેશન રખાયેલ છે તેમાંથી કેટલી જમીન ઉપર જાહેર હેતુ માટે કયા કયા હેતુથી યુજ કરાઈ રહ્યો છે તેની વિસ્તૃત માહિતીઓ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નિયત સમય અવધિમાં " ટી.પી.સ્કીમ નં. ૨૦(નાના વરાછા) ઓ.પી.નં. ૨૩, બ્લોક નં. ૧૪૨ ને ફા.પ્લોટ નં. ૩૧, ૩૨, ૩૩ અને ૩૪ ફાળવેલ છે. ફા.પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૨૫૭૩૭.૦૦ ચો.મી. છે. ઓ.પી.નું કુલ ક્ષેત્રફળ ૩૦૧૫૦.૦૦ ચો.મી.રેકર્ડ મુજબ છે તે જોતાં કુલ ૪૪૧૩.૦૦ ચો.મી.જગ્યા રસ્તા, રીઝર્વેશન જેવા જાહેર હેતુ માટે ઉપયોગમાં લેવાયેલ છે. આ ઓ.પી. માંથી ફા. પ્લોટ નં. ૧૦૩ (ઝોન ઓફિસ) તથા ફા.પ્લોટ નં. ૧૨૦ (ઈ.ડબલ્યુ.એસ. હાઉસીંગ) ના હેતુ માટે રીઝર્વેશન હેઠળ છે." તેવું જણાવેલ. જે અંગે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ   તા. ૭–૪–૧૨ના રોજ વિલંબીત અપીલ અરજી કરવામાં આવેલ.  જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે.  પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્ર ાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૮૯  તા. ૧૨–૪–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો મંગાવવામાં આવેલ. જેમાં અરજદાર પાસે મુદ્દા નં. ૩ની મળેલ માહિતી અંગે આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા સાથે સ પ્તાહ ઉપરાંતની વિલંબીત અપીલ અંગે કલમ–૧૯(૧) હેઠળ જવાબીપણું પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા. ૧૯–૪–૧૨ના પૂરક પત્રથી મુદ્દા નં. ૩ રીઝર્વેશનની બાબતનો હતો અને મુદ્દા નં. ૪ રીઝર્વેશનવાળી જગ્યામાં હાલ કયા કયા હેતુ માટે યુજ કરાય રહ્યો છે એટલે મુદ્દા નં. ૪ માં જે જવાબ મળેલ છે તેમા મુદ્દા નં. ૩નો જવાબ એકંદરે આવી જાય છે આથી હવે પછીથી અમોની મૂળ અરજીના મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી મેળવવા અપીલ કરેલ છે. તેવી માંગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે.  પરંતુ અરજદારે વિલંબીત અપીલ અરજી અંગે તેમનું કોઈ વાજબીપણું રજુ કરેલ નથી. તેમજ તેમ કરવામાં સફળ રહેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાનું અરજદારને જણાવેલ છે. આમ અરજદારને તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકત પુરી પડાયેલ છે. આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૭–૪–૧૨ ધ્યાને લેતાં  ૬–૫–૧૨ સુધીમાં  અને વિલંબીત  કારણ સહિત ૨૧–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ  પ્રથમ અપીલનો  નિકાલ કરવાનો રહે.  પરંતુ  અપીલ  હેઠળના અરજદારની  પ્રથમ અપીલ બાદ  અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન  ૧૯૩ જેટલી  પ્રથમ અપીલ અત્રેની કચેરીને  મળેલ છે.  જયારે આજ  સમયગાળા દરમ્યાન  બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ  ધ્વારા ૧૯૨ બાબતો  માટે  પૂર્તતા  અહેવાલ  મંગાવવામાં  આવેલ  તેમજ  જે  પૂર્તતા  અહેવાલ  અત્રેની  કક્ષાએથી  નામદાર આયોગને  મોકલવામાં આવેલ છે.  જયારે  આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો  નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં  અત્રેના સત્તા મંડળની  ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ.  તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી

તરફથી મુદ્દા નં. ૧ અને ૨ અંગે રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પંરતુ રેકર્ડ નાશ–નિકાલની કોઈ વિગત જણાવેલ નથી. તે ધ્યાને લેતા નિર્દિષ્ટ મિલકત અંગે બાંધકામ રજીસ્ટર, ગેરકાયદેસર બાંધકામ અંગે કાર્યવાહીના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ અરજદારની વિલંબીત અપીલને અનુલક્ષી ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭માં અરજદારને પુરી પાડી કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા તત્કાલીન જાહેર માહિતી અધિકારી– વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી નરશીભાઈ જીવરાજભાઈ ડાંખરા**

અપીલ અરજી નં. ૯ તા. ૭–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી દિપક ચંદ્રનાથ કોકસ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક ચંદ્રનાથ કોકસની તા. ૧૯–૧–૧૨ની ઓમ શ્રીસાંઈ જલારામનગર કે જે કાશીનગરની સામે, હરીનગર–૧ની પાછળ આવેલ છે તેની બાંધકામની રજાચિટ્ઠીની નકલ, વિકાસ પરવાનગીની નકલ, મંજુર થયેલ પ્લાનની સહી સિક્કાવાળી નકલ, એન.એ. હુકમની સહી સિક્કાવાળી નકલ તથા સદર સોસાયટીમાં કુલ્લે કેટલા મકાનો અધિકૃત બાંધકામવાળા તથા કેટલા મકાનો અનઅધિકૃત બાંધકામ વાળા છે અને જે મકાનો અનઅધિકૃત બાંધકામવાળા છે તેવા લોકોને અનઅધિકૃત બાંધકામ દુર કરવા આપની કચેરી તરફથી કયારે કયારે નોટીસ મોકલવામાં આવી વિગેરે માહિતી સહિતની માંગેલી સહી સિક્કાવાળી નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૯ /૨૦૧૨–૧૩

શ્રી દિપક ચંદ્રનાથ કોકસની તા. ૧૯–૧–૧૨ની ઓમ શ્રીસાંઈ જલારામનગર કે જે કાશીનગરની સામે, હરીનગર–૧ની પાછળ આવેલ છે તેની બાંધકામની રજાચિટ્ઠીની નકલ, વિકાસ પરવાનગીની નકલ, મંજુર થયેલ પ્લાનની સહી સિક્કાવાળી નકલ, એન.એ. હુકમની સહી સિક્કાવાળી નકલ તથા સદર સોસાયટીમાં કુલ્લે કેટલા મકાનો અધિકૃત બાંધકામવાળા તથા કેટલા મકાનો અનઅધિકૃત બાંધકામવાળા છે અને જે મકાનો અનઅધિકૃત બાંધકામવાળા છે તેવા લોકોને અનઅધિકૃત બાંધકામ દુર કરવા આપની કચેરી તરફથી કયારે કયારે નોટીસ મોકલવામાં આવી વિગેરે માહિતી સહિતની માંગેલી સહી સિક્કાવાળી નકલો આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૪–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૩૪ તા. ૧૭–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને લગભગ ત્રણ સપ્તાહની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો અને તે બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૨–૬–૧૨નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૯–૧–૧૨ની સહી વિનાની ઓમ શ્રીસાંઈ જલારામનગર કે જે કાશીનગરની સામે, હરીનગર–૧ની પાછળ આવેલ છે જેનો સર્વે નં. ૨૫૩ની મિલકતના બાંધકામ બાબતે માહિતી માંગતી અરજી ઝોનલચીફશ્રી સાઉથઝોન સુરત મહાનગરપાલિકા ઉધના ખાતે કરવામાં આવેલ. જેની વિગત ઓમ શ્રીસાંઈ જલારામનગર કે જે કાશીનગરની સામે, હરીનગર–૧ની પાછળ આવેલ છે તેની બાંધકામની રજાચિટ્ઠીની નકલ, વિકાસ પરવાનગીની નકલ, મંજુર થયેલ પ્લાનની સહી સિક્કાવાળી નકલ, એન.એ. હુકમની સહી સિક્કાવાળી નકલ તથા સદર સોસાયટીમાં કુલ્લે કેટલા મકાનો અધિકૃત બાંધકામવાળા તથા કેટલા મકાનો અનઅધિકૃત બાંધકામવાળા છે અને જે મકાનો અનઅધિકૃત બાંધકામવાળા છે તેવા લોકોને અનઅધિકૃત બાંધકામ દુર કરવા આપની કચેરી તરફથી કયારે કયારે નોટીસ મોકલવામાં આવી અને એવા બાંધકામને દુર કરવા આપની કચેરી તરફથી કયા અસરકારક પગલાં લેવામાં આવ્યા અને આવા અનઅધિકૃત બાંધકામ આજે પણ દુર શા માટે કરાયા નથી તેમજ સદર સોસાયટીમાં કેટલા માળ બાંધવાની પરમીશન છે તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી સહિતની માંગેલી સહી સિક્કાવાળી નકલો આપવા બાબત. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી તા. ૭–૪–૧૨ના રોજ વિલંબીત અપીલ અરજી કરેલ. જેના સંદર્ભે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૩૪ તા. ૧૭–૪–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો મંગાવવામાં આવેલ. જેમાં અરજદાર પાસે લગભગ ત્રણ સ પ્તાહની વિલંબીત અપીલ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો અને તે બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી તા. ૨–૬–૧૨ના પૂરક પત્રથી હમોને આરટીઆઈની માહિતી ઉધનાના ઝોનલ ઓફિસરે તથા તમોની કચેરીએ ન આપતા હમોએ અપીલ કરેલ છે, જેમાં હમોને માંગેલી માહિતી પુરી પાડવાની તમોની ફરજ અને જવાબદારી છે, પંરતુ તમો હમોની પાસેથી માહિતી માંગો છો તે વ્યાજબી નથી. તેવું જણાવેલ. પરંતુ અરજદારે અપીલ તબક્કે પત્ર પાઠવી તક આપવા છતાં તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી

અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજ્જો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિકતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પુરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૭–૪–૧૨ ધ્યાને લેતાં ૬–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૧–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૯–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી ન હોઈ, અરજદારની વિલંબીત અપીલ અરજીને ધ્યાનમાં લઈને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી દિપક ચંદ્રનાથ કોકસ**

**અપીલ અરજી નં.૧૦ તા.૧૧–૪–૧૨**
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા. ૨૧–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સાઉથ ઈસ્ટઝોન લીંબાયતમાં આવેલ નવાગામ ડીંડોલી રોડ, એસ.એમ.સી. સ્કુલ પાસે, નવી બંધાયેલ શાક માર્કેટના ટેન્ડરની પ્રમાણિત નકલ (૨) શાક માર્કેટમાં કુલ કેટલા સ્ટોલ છે તેના નામ, સરનામા સહિત યાદીની સર્ટીફાઈડ નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૧૧–૪–૧૨ ની **SMC/FAP/** નં.૧૦ /૨૦૧૨–૧૩

શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા. ૨૧–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સાઉથ ઈસ્ટઝોન લીંબાયતમાં આવેલ નવાગામ ડીંડોલી રોડ, એસ.એમ.સી. સ્કુલ પાસે,નવી બંધાયેલ શાક માર્કેટના ટેન્ડરની પ્રમાણિત નકલ (૨) શાક માર્કેટમાં કુલ કેટલા સ્ટોલ છે તેના નામ, સરનામા સહિત યાદીની સર્ટીફાઈડ નકલ વિગેરે મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો તેમના ઉપરી અપીલ અધિકારી કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરાવી અત્રે સૂચિત કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫ તા. ૧૭–૪–૧૨ થી સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૧–૨–૧૨ ની અરજીથી લીંબાયતઝોનમાં નવાગામ ડીંડોલી રોડ પર આવેલ શાક માર્કેટ તથા દબાણ તેમજ ઓવર બ્રીજ બાબતેની મુદ્દાનં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી મ્યુ. કમિ.શ્રી સુરત મહાનગરપાલિકાને સંબોધતી મધ્યસ્થ કચેરી ખાતે આપવામાં આવેલ. જે કોમ્પ્યુટર એન્ટ્રીના પ્રોગ્રામ ઉપર ચકાસણી કરતાં તા. ૨૪–૨–૧૨ નારોજ સ્વીકાર્યા હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં. (૧) સાઉથ ઈસ્ટઝોન લીંબાયતમાં આવેલ નવાગામ ડીંડોલી રોડ, એસ.એમ.સી. સ્કુલ પાસે,નવી બંધાયેલ શાક માર્કેટના ટેન્ડરની પ્રમાણિત નકલ આપવા વિનંતી.. (૨) શાક માર્કેટમાં કુલ કેટલી દુકાન છે તેના નામ, સરનામા સહિત યાદીની સર્ટીફાઈડ નકલ. મુદ્દા નં.(૩) ઉકત માર્કેટ શાક માર્કેટ છે કે મટન માર્કેટ તેની લેખિતમાં નકલની સંપૂર્ણ જાણકારી આપો.મુદ્દાનં.(૪) શીવબચ્ચનસિહ નામના ખાટકી ધ્વારા શાક માર્કેટની પાસે જાહેર સૌચાલયની પાછળ મટન મચ્છી ની ગેરકાનુની દુકાન લગાવવાનું પરમીશન કયા અધિકારી ધ્વારા આપવામાં આવી તે પરમીશનની પ્રમાણિત નકલ આપો એના પર દબાણ વિભાગ ધ્વારા કાર્યવાહી કેમ કરતા નથી તેની વિસ્તૃત જાણકારી આપવી. મુદ્દા નં.(૫) ઉધના સ્ટેશન થી ડીંડોલી સુધી ૦ દબાણ રૂટ જાહેર થયુ તો પણ દબાણવિભાગ ધ્વારા લારી ગલ્લા તેમજ જમીન પર બેસનારા પર કાર્યવાહી કેમ નથી કરતાં તેની લેખિતમાં જાણકારી આપો. મુદ્દા નં.(૬) નવાગામ ડીંડોલી રોડ જકાત નાકાની પાસે ઓવર બ્રીજ નું કામ ચાલે છે તો પણ શાકભાજીવાળા રોડની બંને તરફ ફુટપાથ પર બેસી જાય છે જેનાથી જાહેર જનતાને ચાલવામાં ઘણી મુશ્કેલી પડી જાય છે તો પણ દબાણ વિભાગ ની લાપરવાહીને કારણે લારી ગલ્લા ખસેડવાની કામગીરી નહીં થવાથી દરરોજ અકસ્માત થવાની સંભાવના રહે છે તેની જવાબદારી કોની રહે છે તેની લેખિતમાં જાણકારી આપો.

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતાં નારાજ થઈ અરજદારે તા. ૧૧–૪–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૪–૧૨ ધ્યાને લેતાં ૯–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૪–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના

અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય દફતરી ઉપલબ્ધ વિગતે હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)<br>ડે.કમિશ્નર (સ્પે.)<br>અને ત.એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>તારીખ : –૬–૧૨

પ્રતિ,<br>(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી (લીંબાયતઝોન ..જાણ તથા અમલ માટે<br>**(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી,**

અપીલ અરજી નં. ૧૧ તા.૧૧–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબની તા. ૨૪–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મહિધરપુરા–જદાખાડી વોર્ડ નં. ૬/૧૯૧૩ વાળી મિલકતનો પ્લાન પાસ છે કે નહિ ? રેસીડેન્ટ છે કે કોર્મશીયલ છે તથા કેટલા માળ પાસ છે તથા ભોયરૂં પ્લાન પાસ છે કે નહિ ? પ્લાનની નકલ પાસ થયેલી તેનો નકશો વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૧/૨૦૧૨–૧૩

શ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબની તા. ૨૪–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મહિધરપુરા– જદાઢખાડી વોર્ડ નં. ૬/૧૯૧૩ વાળી મિલકતનો પ્લાન પાસ છે કે નહિ ? રેસીડેન્ટ છે કે કોર્મશીયલ છે તથા કેટલા માળ પાસ છે તથા ભોયરૂં પ્લાન પાસ છે કે નહિ ? પ્લાનની નકલ પાસ થયેલી તેનો નકશો વિ. માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં./૨૬૭૭ તા. ૧૭–૩–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૩૬ તા. ૧૭–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત રજૂ કરવા તથા મળેલ માહિતી સામે નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારની મૂળ અરજીની વિગતો રૂબરૂમાં સેન્ટ્રલઝોન ખાતેથી મેળવવામાં આવેલ.

અરજદારની તા. ૨૪–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) મહિધરપુરા–જદાખાડી વોર્ડ નં. ૬/૧૯૧૩ વાળી મિલકતનો પ્લાન પાસ છે કે નહિ ? રેસીડેન્ટ છે કે કોર્મશીયલ છે તથા કેટલા માળ પાસ છે તથા ભોયરૂં પ્લાન પાસ છે કે નહિ ? પ્લાનની નકલ પાસ થયેલી તેનો નકશો. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૭૭ તા. ૧૭–૩–૧૨ થી નિયત સમય અવધિમાં " ૬/૧૯૧૩ વાળી મિલકતે સેન્ટ્રલઝોન ખાતેથી પત્ર નં. સે.ઝોન/આ/૩૬૯, ૩૭૦ તા. ૨૨–૨–૧૨ થી બેઝમેન્ટ અને ગ્રા.ફલોર(પાર્કીગ), પ્રથમ માળ કોર્મશીયલ અને બીજા થી ચોથો માળ રહેઠાણના હેતુ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. સદર મંજુર પ્લાનની નકલના પ્રતિ ચો.મી. રૂા. ૧૦૦૦/– લેખે કુલ રૂા. ૧૫૬૦/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે." તેવું સમય અવધિમાં જણાવેલ. જે અંગે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૧–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૩૬ તા. ૧૭–૪–૧૨થી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર પાસે મૂળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત રજૂ કરવા તથા મળેલ માહિતી સામે નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ વિગત મળેલ નથી તથા તેમ કરવામાં તે સફળ રહેલ નથી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી માહિતી પુરી પાડેલ હોય. તેમજ મંજુર પ્લાનની નકલ બાબતે રૂા. ૧૫૬૦ /– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ. જો અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણાં ભરી માહિતી મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૧૧–૪–૧૨ ધ્યાને લેતાં ૧૦–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અરજદાર ઈચ્છુક હોય તો મંજુર પ્લાનની નકલ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પ્રસ્તાવ અનુસાર નાણાં ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨)શ્રી દિલીપભાઈ ચીમનલાલ જીસાહેબ**

અપીલ અરજી નં.૧૨ તા.૧૧–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય એ. જાંગીડ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય એ. જાંગીડની તા. ૨૩–૨–૧૨ની અરજીથી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૪(૧) b મુજબ પ્રોએકટીવ ડીસ્કલોઝર અન્વયે ટોયલેટ સબંધી મુદ્દા નં.(૧) થી (૯)ની વિગતો સ્વયં જાહેર કરવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૨/૨૦૧૨–૧૩

શ્રી અજય એ. જાંગીડની તા. ૨૩–૨–૧૨ની અરજીથી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૪(૧) b મુજબ પ્રોએકટીવ ડીસ્કલોઝર અન્વયે ટોયલેટ સબંધી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં નં. (૧) થી (૯)ની વિગતો મુકવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો કલમ–૪(૧) B, C(d) ના પાલન અંગેની વિગતો પૂર્તતા સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭ તા. ૧૭–૪–૧૨ થી** ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) તથા અરજદારને મળેલ માહિતી સામે કોઈ નારાજગી હોય તો તે મૂળ અરજીમાં તકરારી માહિતી માંગેલ કેમ ? તે સામે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા. ૨૮–૧૨–૧૧ ના રોજ મ્યુ. કમિ.શ્રીને આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) મુજબ જાહેર ટોયલેટો બહાર હિન્દી / ગુજરાતીમાં દિવાલ ઉપર/ પ્રાપ્ત બોર્ડ ઉપર નીચેની વિગતે સૂચનો ચિતરવા પત્ર પાઠવેલ.

(1) Charges for using the toilet for different categories:
a Men
b Woman
c Children below 12 years
d whole family

(2) Timings for the opening and closing of the toilet.

(3) Schedule for cleaning of the toilet and annual schedule for repair and painting fot the toilet

(4) Contact details (including mobile number) of the agency responsibie for opreation and manitenance of the toilet.

(5) Name and contect details of the caretaker of the toilet.

(6) Facilites available for users in the toilet complex.

(7) Name,designation and contact of the authority redressal of grievances/loding complaints related to the Functioning of the public toilet.

(8) List of records maintained by the caretaker of the public toilet such as the cleaning register, user register,Complaints register, inspection register etc.

(9) Copy of the MoU/agreement.

Additionally, all the records maintained by the caretaker of the public toilet such as the cleaning /maintennance

Register , user, register complaints register , inspection register etc. should be available for inspection on demand , by any person/user. These should also be made available at a predetermined time and place every week for public audit wherein anyone can inspect/audit the records.

સદર પત્ર બાબતે આરોગ્ય અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) મુજબ પ્રોએકટીવ ડીસ્લોઝર તરીકે તેવા સૂચનો અમલમાં મુકેલ છે કે કેમ તેવા પ્રત્યુત્તર પાઠવવાની જગ્યાએ અરજદારના પત્રને આરટીઆઈ એકટ હેઠળની અરજી ગણીને પત્ર નં.પીએચડી/આ.નં.૨૩૦૯ તા. ૧૫–૨–૧૨ થી અરજી ફી રૂા.૨૦/– ભર્યેથી માહિતી પૂરી પાડી શકાય એમ હોય જે રકમ સુરત મહાનગરપાલિકાના કોઈ પણ સીવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી અથવા રૂા.૨૦/– નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર અરજી કર્યેથી ઉકત માહિતી આપી શકાય. અન્યથા ઉપરોકત બાબતે કરવામાં આવેલ અરજી દફતરે ગણવામાં આવશે તેવું જાહેર માહિતી અધિકારી આરોગ્ય ધ્વારા જણાવેલ. જે અંગે અરજદારે અઠવાઝોન ખાતે રસીદ નં.૧૧૨૬૭૪ તા.૨૩–૨–૧૨ થી નાણા ભરપાઈ કરેલ. ત્યાર બાદ અરજદારે તા. ૧૧–૪–૧૨ ના રોજ અપીલ અરજી કરી જણાવેલ કે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી સલાહ અંગે આભાર પત્રક પાઠવવામાં આવેલ. વધુમાં અપીલમાં તમામ માહિતી જાહેર ટોયલેટ ઉપર ચિતરવામાં આવે છે જુદી જુદી જાહેર ઓથોરીટી ધ્વારા કલમ–૪ હેઠળ પ્રસિધ્ધના હેતુથી તમામ નાગરીકોને પ્રાથમિક માહિતી મળી રહે તે માંટે માંગણી કરેલ છે તેથી આરટીઆઈ હેઠળના રૂા. ૨૦/– રીફંડની રજૂઆત કરેલ છે અને પ્રોએકટીવ ડીસ્કલોઝર અને જરૂરી પ્રાપ્ત માહિતી જાહેર નોટીસ બોર્ડ અને ડીસ્પ્લે બોર્ડ ઉપર મુકાય તેવી રજૂઆત કરેલ છે.

આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૪(૧)(બી) હેઠળ તા. ૨૮–૧૨–૧૧ ના પત્રથી કરેલ સૂચનો ધ્યાને લેવા અને તેને જાહેર ટોયલેટોની દિવાલો અનેબોર્ડઉપર બહારના ભાગમાં હિન્દી/ગુજરાતીમાં ચીતરવાની રજૂઆત કરેલ છે જે અંગે આરોગ્ય અધિકારીએ તેમના વિભાગ ધ્વારા સદર સુચનોનો પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં સમાવેશ કરેલ છે કે નહીં તેવી હકીકત બાબતે પ્રત્યુત્તર પાઠવવાની જગ્યાએ આરટીઆઈ હેઠળ અરજી ફી ના નાણા ભરપાઈ કરાવેલ હોય તે પરત કરવા જોગ છે. વધુમાં સદરહુ વિગતો પ્રોએકટીવ ડીસ્કલોઝરના સુચનો તરીકે સ્વીકારવા જોગ હોય કોમ્પ્યુટરની વેબસાઈટ તેમજ જાહેર ટોયલેટની જગ્યાઓ ઉપર પ્રોએકટીવ ડીસ્કલોઝર તરીકે પ્રસિધ્ધ કરેલ હોય તેવી વિગતો અરજદારને પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૧–૪–૧૨ ધ્યાને લેતાં ૧૦–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૨–૧૨ ની અરજીથી તા.૨૮–૧૨–૧૧ના પત્રથી આરટીઆઈએકટની કલમ–૪(૧)(બી) ના પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં જાહેર ટોયલેટ બાબતેની વિગતોના સૂચન કરેલ પત્ર બાબતે અરજદારને ભરાવેલ ફી પરત કરવા તેમજ પ્રોએકટીવ ડીસ્કલોઝર અંગે અમલવારી સહિતનો પ્રત્યુત્તર

અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પાઠવવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૭–૧૨

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અનેઆરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી (આરોગ્યવિભાગ) ..જાણ તથા અમલ માટે
**(૨) શ્રી અજય એ. જાંગીડ**

અપીલ અરજી નં. ૧૩ તા.૧૨–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૨૧–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૩૦–૧૨–૧૧ના રોજ સબંધિત વિભાગોમાં જે અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં સબંધિત વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે સ્થળ પર શું શું તપાસ કરાવી અને સ્થળ તપાસ કર્મચારીએ શું રીપોર્ટ બનાવીને અધિકારીને આપ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૩/૨૦૧૨–૧૩

શ્રી હેમંત એન. દેસાઈની તા. ૨૧–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૩૦–૧૨–૧૧ના રોજ સબંધિત વિભાગોમાં જે અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં સબંધિત વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે સ્થળ તપાસ પર શું શું તપાસ કરાવી અને સ્થળ તપાસ કર્મચારીએ શું રીપોર્ટ બનાવીને અધિકારીને આપ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી ખોટી આપવામાં આવેલ તથા આરોગ્ય વિભાગ તરફથી માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે તા. ૩૦–૧૨–૧૧ની અરજી મળેલ કે કેમ ? તે અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો પણ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૪૮ તા. ૧૯–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, તત્કાલીન જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ, તત્કાલીન જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ તથા અરજદારને અપીલ દરમ્યાન પુરક વિગતો–માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ઓફિસર તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૩૦૩ તા. ૧–૫–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૪૪૩ તા. ૨૩–૨–૧૨થી આરોગ્ય અધિકારીશ્રી (આરોગ્ય વિભાગ), વીઆઈઓશ્રી(વીજીલન્સ વિભાગ) ને તબદીલ કરેલ પત્રની નકલ ,અરજદારની મૂળ અરજીની નકલ,અરજદારની તા. ૩૦–૧૨–૧૧ની કમિશનરશ્રીને કરેલ અરજીની નકલ, વીજીલન્સ તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૨૪૨૮ તા. ૧૭–૩–૧૨થી અરજદારને નકલ ચાર્જ રૂા. ૨૨/– ભરવા સમય અવધિમાં જણાવતા પત્રની નકલ,એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, વીજીલન્સ તરફથી પત્રનં. વી.આઈ.ડી/૨૫૦૮ તા. ૨૬–૩–૧૨થી અરજદારે આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગની નકલ અત્રે મળેલ છે. તત્કાલીન જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પૂરક વિગતોમાં પત્ર નં. જાવક નં. પીએચડી/આઅ/પીઆઈ/૩૭ તા. ૨૬–૪–૧૨થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૬૨૫ તા. ૬–૬–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ,અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારની તા. ૩૦–૧૨–૧૧ની કમિશનરશ્રીને કરેલ અરજીની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલ માહિતીના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૧૯ તા. ૧૩–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૨૫–૪–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે

અરજદારની તા. ૨૧–૨–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૪૪૩ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારીશ્રી (આરોગ્ય વિભાગ), વીઆઈઓશ્રી(વીજીલન્સ વિભાગ) ને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) તા. ૩૦–૧૨–૧૧ના રોજ સબંધિત વિભાગોમાં જે અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં સબંધિત વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે સ્થળ તપાસ પર શું શું તપાસ કરાવી અને સ્થળ તપાસ કર્મચારીએ શું રીપોર્ટ બનાવીને અધિકારીને આપ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી માહિતી આપો. તેવા પ્રશ્ન

બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૧૯ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં " સેન્ટ્રલઝોનમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા તા. ૩૦–૧૨–૧૧ના રોજ સંબંધિત વિભાગોમાં જે અરજી કરવામાં આવેલ તે અરજીના અનુસંધાનમાં શહેર વિકાસ વિભાગના કર્મચારી દ્વારા કરવામાં આવેલ સ્થળ તપાસ અંગેની કોઈ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ.

(૨) ૪/૩૬૦ વાળી મિલકત જે રહેઠાણ ઝોનમાં આવે છે તેમ છતાં મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી ૪/૩૬૦ વાળી મિલકતના માલીકે ટીવસ્ટીંગ મશીનો નાંખી કારખાના ચાલુ કરેલ છે તેની ઉપર કાર્યવાહી કરવાની જવાબદારી પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ–૩ ની ઝોનીગ અને યુઝ પ્રોવીઝનની જોગવાઈના યુઝ ઝોન ટેબલ ક્રમાંક ૧, ૨, ૩ મુજબ સુ.મ.ન.પા.ની આવે છે તેવું ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીએ સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૮૦૧ તા. ૧૧–૮–૧૧ના પત્રમાં જણાવેલ. તે મુજબ ૪/૩૬૦ વાળી મિલકતના માલીક ઉપર કારખાના બંધ કરાવવા માટે શું કાર્યવાહી કરવામાં આવી તેની સંપૂર્ણ માહિતી તેમજ કરવામાં આવેલ કાર્યવાહીની સહી સિક્કાવાળી નકલ ફાળવવી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ૪/૩૬૦ વાળી મિલકતના માલીક ઉપર કારખાના બંધ કરાવવા માટે શહેર વિકાસ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું સમય અવધિમાં જણાવેલ. જયારે વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૨૪૨૮ તા. ૧૭–૩–૧૨થી નિયત સમય અવધિમાં " માંગેલ માહિતી બાબતે વીજીલન્સ વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે આરટીઆઈ એકટ મુજબ નકલ ચાર્જ ૧ પાનાના રૂા. ૨/– લેખે કુલ–૧૧ પાનાના ૧૧×૨ = ૨૨/– ( અંકે રૂપિયા બાવીસ પુરા) સીટી સીવીક સેન્ટર ખાતે ભરી, જેની રસીદ વીજીલન્સ વિભાગમાં રજુ કર્યેથી માંગ્યા મુજબની નકલો આપવામાં આવશે. " તેવું સમય અવધિમાં જણાવેલ. ત્યાર બાદ વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં. વીઆઈડી/૨૫૦૮ તા. ૨૫–૩–૧૨થી અરજદારને માહિતી માટે નકલ ચાર્જ રૂા. ૨૨ /– ભરવા જણાવેલ જે અનુસાર અરજદારે રસીદ નં. ૨૦૪૪૨૩ તા. ૨૧–૩–૧૨ની નકલ ચાર્જ ભરેલ છે. જે અન્વયે અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે.

જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૨–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. અપીલ અરજીમાં મુદ્દા નં. (૧) મે જે માહિતી સંબંધિત વિભાગોના જાહેર માહિતી અધિકારી પાસે માહિતી માંગેલ જે માહિતી ખોટી આપવામાં આવેલ છે. જેમાં મળેલ માહિતી ખોટી આપવામાં આવેલ છે તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. (૨) મે જે માહિતી સંબંધિત વિભાગ પાસે માંગેલ જેમાં મને શહેર વિકાસ, આરોગ્ય વિભાગ તેમજ કાર્યપાલક ઈજનેર તરફથી માહિતી આપવામાં આવેલ નથી. અરજદારે તેમની તા. ૩૦–૧૨–૧૧ની અરજીની નકલ શહેર વિકાસ સેન્ટ્રલઝોનને પાઠવેલ છે અને સેન્ટ્રલઝોન તરફથી તેઓને આપેલ જવાબમાં કારખાના બંધ કરાવવા માટે શહેર વિકાસ દ્વારા કોઈ કાર્યવાહી કરાવવામાં આવેલ નથી. તેવી માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ છે. તેમજ આરોગ્ય વિભાગ બાબતે આરોગ્ય વિભાગ તરફથી જાવક નં./પીએચડી/આઅ/પીઆઈ/૩૭ તા. ૨૬–૪–૧૨ના શહેર વિકાસ અધિકારી શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે. જેમાં અરજી આરોગ્ય વિભાગને લાગત ન હોય, શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ. (૩) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં વીજીલન્સ વિભાગ તરફથી નં. વીઆઈડી/૨૫૦૮ તા. ૨૬–૩–૧૨ થી જે માહિતી પુરી પાડેલ છે જે ખોટી છે કેમ કે વીજીલન્સ વિભાગમાં અરજી કરવા છતા વીજીલન્સ વિભાગ તરફથી કોઈ જ તપાસ કરવામાં ન આવી. ફકત વીજીલન્સ વિભાગ તરફથી જે તે વિભાગમાં કાગળ મોકલી માહિતી માંગવામાં આવી. પરંતુ વીજીલન્સ વિભાગ તરફથી મારી અરજી બાબતે કોઈ જ સ્થળ તપાસ કરવામાં ન આવી એનો મતલબ કે વીજીલન્સ વિભાગ તરફથી મારી અરજી દફતરે કરેલ હોય તેવું લાગે છે જેથી માહિતી મળેલ નથી. અરજદારે અનુમાન કરેલ છે. અરજદારને વીજીલન્સ વિભાગ તરફથી તેમની અરજી બાબતે કાર્યવાહી થયેલ છે કે કેમ ? તેની તપાસ કરેલ જણાય છે. વધુમાં આરટીઆઈ હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે. (૪) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સુ.મ.ન.પા.માં અગાઉ ૧૫–૪–૧૧, ૯–૫–૧૧, ૫–૬–૧૧, ૧૧–૭–૧૧, ૨૬–૮–૧૧ ના રોજ અરજી કરવામાં આવેલ. આ અરજી બાબતે કોઈ જ કાર્યવાહી ન કરતા મે રીમાઈન્ડર અરજી ૩૦–૧૨–૧૧ના રોજ કરવામાં આવેલ જેના અનુસંધાનમાં તપાસ કરી રેકર્ડ બનાવવાનો હોય છે. પરંતુ મે કરેલ અરજી ઉપર કોઈ જ તપાસ કરવામાં ન આવી અને મે ૩૦–૧૨–૧૧ની અરજી બાબતે માહિતી માંગતા જવાબ મળેલ કે રેકોર્ડ ઉપલબ્ધ નથી તે કેવી રીતે બને. તો પછી સુ.મ.ન.પા.માં કરવામાં આવતી અરજીને શું કચરામાં ફેકવામાં આવે છે તેવું માનવું. જેમાં પણ અરજદારે અનુમાનિત રજુઆત કરેલ છે.જેમાં પણ વીજીલન્સ વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતીમાં કારખાના બંધ કરાવવા બાબતે કરેલી અરજી ઓ બાબતે થયેલી કાર્યવાહીની વિગતોમાં સે.ઝોન/મહેકમ/વ.હ.ટ/જવાક નં./૯ તા. ૨૮–૪–૧૧થી પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પત્ર પાઠવેલ છે તેમજ ખાતાકીય રીપોર્ટમાં વીજીલન્સ વિભાગે આપેલી માહિતીમાં પણ જણાવેલ છે. (૫) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં કાર્યવાહી કરવાની જવાબદારી શહેર વિકાસ વિભાગની જ આવે છે તેમ છતાં તે વિભાગ તરફથી પણ કોઈજ કાર્યવાહી મે કરેલ અરજી બાબતે કરવામાં ન આવી એનો મતલબ કે શહેર વિકાસ તરફથી અરજી કચરામાં ફેકવામાં આવે છે. અગાઉ રહેઠાણવાળા વિસ્તારમાં રહેઠાણ સાથે કારખાના ચાલુ કરવામાં આવેલ ત્યારે શહેર વિકાસ વિભાગ તરફથી નોટીસ આપવામાં આવેલ તે પત્ર નં. ટીડીઓ/નં.૯૬ તા. ૧૮–૨–૮૨ નો પત્ર સામેલ જેના પરથી સાબિત થાય કે કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ના શહેર વિકાસ વિભાગની જ આવે છે તેમ છતાં મે કરેલ અરજી બાબતે કોઈ જ કાર્યવાહી ન કરી. જેમાં અરજદારે કેટલીક અરજીઓ બાબતે કાર્યવાહીને લગતી રજુઆત કરેલ છે કાર્યવાહીને લગતી રજુઆત સક્ષમ સત્તાને કરવાની રહે છે. (૬) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સુ.મ.ન.પા.ના કમિશ્નર તરફથી

તા. ૧૨–૫–૦૭ના રોજ સંદેશ દૈનિક પત્રમાં જાહેર નોટીસ આપેલ નં. પીઆરઓ/૭૬/૨૦૦૭–૦૮ જેમાં જણાવેલ કે, રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાંજ કરવો અને જો રહેઠાણવાળી મિલકતમાં કારખાનુ ચાલુ કરવામાં આવે તો બી.પી.એમ.સી. એકટ કલમ–૨૬૮ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેવું જાહેરનામું બહાર પાડવામાં આવેલ તેમ છતાં મે જે અરજી ૩૦–૧૨–૧૧ના રોજ કરવામાં આવેલ જેના અનુસંધાનમાં કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની આવતી હોય તેમ છતાં કોઈ જ કાર્યવાહી ન કરી જેથી રેકોર્ડ ન બન્યો એટલે માહિતીમાં જણાવે છે કે રેકોર્ડ નથી તે વાત કેવી રીતે માનવામાં આવે. આરટીઆઈના કાયદામાં ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવામાં આવે છે . જે અંગે તેમની તા. ૩૦–૧૨–૧૧ની અરજી બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. (૭) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં યુઝટેબલ ઝોન ૧,૨,૩ માં ચોખ્ખુ જણાવવામાં આવેલ છે કે રહેઠાણવાળા વિસ્તારમાં કોઈપણ કરદાતા પાવરથી ચાલતી મશીનરી ન નાંખી શકે તેમ છતાં મે જે અરજી તા. ૩૦–૧૨–૧૧ના રોજ કરવામાં આવેલ તે મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની આવતી હોવા છતાં જણાવે છે કે રેકોર્ડ નથી તો તે વાત માનવામાં આવે તેમ નથી. જે અંગે અરજદારે તા. ૩૦–૧૨–૧૧ની અરજી બાબતે કાર્યવાહીની રજુઆત કરેલ છે જે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. (૮) મે તા. ૧–૮–૧૧ના રોજ આઈડી નં. ૫૭૬થી માહિતી માંગેલ જે માહિતીના અનુસંધાનમાં ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૮૦૧ તા.૧–૮–૧૧ના પત્રમાં જણાવેલ યુઝટેબલ ઝોન ૧,૨,૩ મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની આવે તેમ છતાં મે જે અરજી ૩૦–૧૨–૧૧ના કરેલ તે અરજી પર કાર્યવાહી ન કરતા મે માહિતી માંગેલ તેમ છતાં રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવું ખોટું જણાવે છે ને માહિતી આપેલ નથી. જેમાં પણ અરજદારે તા. ૩૦–૧૨–૧૧ની અરજી બાબતે કાર્યવાહીની રજુઆત કરેલ છે જે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. (૯) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સુ.મ.ન.પા.ના સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેર પરમાર સાહેબ, ડે.ઈજનેર સોલંકી સાહેબ, જુ.ઈજનેર આસુતોષ દેસાઈ તેમજ અન્ય કર્મચારી સાથે તા. ૧૧–૫–૧૧ના રોજ સવારે ૧૦થી ૧૦.૧૫ વાગે સ્થળ તપાસ માટે આવેલ. તેમ છતાં જણાવે છે કે રેકોર્ડ નથી. તે કેવી રીતે માનવામાં આવે આમ માહિતીનો રેકોર્ડ હોવા છતાં માહિતી આપવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે અરજદારે તા. ૧૧–૫–૧૧ના રોજ કર્મચારીઓ સ્થળ ઉપર આવ્યા તેવી અરજીના સંદર્ભે તપાસ અર્થે આવ્યા હોય તેવા કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. તેમજ તે દિવસે તપાસ કરવા આવ્યા હોય તેવા પણ કોઈ આધાર રજુ કરેલ નથી. (૧૦) મે જે માહિતી માંગેલ તે અરજીના અનુસંધાનમાં તમામ અરજી સામેલ છે તે ધ્યાનમાં લેવામાં આવે તો રેકોર્ડ બનાવી જવાબદારી સુ.મ.ન.પા.ની આવતી હોય છતાં માહિતી મળેલ નથી. તેવા પ્રશ્ન બાબતે રેકોર્ડ બનાવી કે માહિતી ઉત્પન્ન કરી પુરી પાડવાની જોગવાઈ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. (૧૧) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સુ.મ.ન.પા. તરફથી કારખાના ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. તેવુ ડે.કમિશ્નર (૫ અને ઈ) નો પત્ર નં. એસ/એન્ડ/ઈ./જા./૨૪૦ તા. ૪–૧–૧૦નો પત્ર ધ્યાનમાં લેવામાં આવે તોપણ ૪/૩૬૦ વાળી મિલકતમાં જે કારખાના ચાલે છે તેની ઉપર કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની આવે તેમ છતાં કાર્યવાહી ન કરી મે કરેલ અરજી બાબતે રેકોર્ડ બનાવેલ નથી. કાર્યવાહી કરવાની રજુઆત એ સમક્ષ સત્તાને કરવાની રહે છે. અને રેકોર્ડ બનાવી આપવાની રજુઆત એ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. (૧૨) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી સીઝેડ/આરટીઆઈ/આ.નં./૩૮૪ તા. ૧–૮–૨૦૦૭ ના પત્રમાં પણ જણાવેલ કે ૪/૩૬૦વાળી મિલકતના માલીકને કારખાના ચલાવવાની પરવાનગી આપવામાં આવેલ નથી. તેમજ માંગવામાં આવેલ નથી. મતલબ કે ગેરકાયદેસર ચાલતા કારખાના મે કરેલ અરજી મુજબ બંધ કરવાની જવાબદારી સુ.મ.ન.પા.ની જ આવે. વધુમાં અરજદારે તેમના તા. ૨૫–૪–૧૨ના પત્રથી અરજદારની અરજી ઉપર કર્મચારી શા માટે કાર્યવાહી કરતા નથી. અને કાર્યવાહી ન કરે તો કમિશ્નરશ્રી કાર્યવાહી કરી શકે. અને કમિશ્નર કાર્યવાહી ન કરી શકે તો સુરત મહાનગરપાલિકા કરદાતાની અરજીઓ સ્વીકારે છે. તેવા મૂળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન રજુ કરેલ છે. વધુમાં માહિતી માંગનાર પાસે નારાજગી હોય તો જણાવો તેવામાં અરજદારે કરદાતાએ ચાર ચાર વખત અરજી સુરત મહાનગરપાલિકામાં કરેલ અને તેની કાર્યવાહી ન કરે તો અધિકારી પાસે શા માટે નોડલ ઓફિસર જવાબ માંગતા નથી. અધિકારી કાર્યવાહી ન કરતા હોય તો તેની પાસે જવાબ માંગવામાં આવે તેવી રજુઆત કરેલ છે. જેમાં અરજદારે માહિતી સંબંધે નારાજગી વ્યકત કરવાનું જણાવેલ છે તેની જગ્યાએ અરજીઓની કાર્યવાહીની રજુઆત કરેલ છે અને કાર્યવાહી બાબતે સક્ષમ સત્તાને રજુઆત કરવાની રહે. વધુમાં વીજીલન્સ વિભાગ દ્વારા સ્થળ તપાસ અને ગુપ્ત રીતે તપાસ કરવાની હોય છે. જે કરવામાં આવતી નથી. તેવી વહીવટી બાબતેની રજુઆત કરેલ છે.

આમ અરજદારની અપીલમાં તમામ મુદ્દાઓ બાબતે કાર્યવાહી કરવાની રજુઆત કરેલ છે. જે અંગે કાર્યવાહી કરવા બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. માહિતી કે રેકર્ડ ઉત્પન્ન કરી માહિતી પુરી પાડવા બાબતે અરજદારની રજુઆત આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૧૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી

આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદારે અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ કાર્યવાહીને લગતી રજુઆત બાબતે જે તે ખાતાના સક્ષમ અધિકારીને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : – ૭–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) .... જાણ તથા અમલ માટે

**(૨) શ્રી હેમંત એન. દેસાઈ**

અપીલ અરજી નં. ૧૪ તા.૧૩–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળા :– ડે.કમિશ્નર (ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(એકાઉન્ટ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સ્થાયી કમીટીના અધ્યક્ષ તા. ૧૮–૦૨–૧૨ના બજેટ ખરેખર ડ્રીમ બજેટ હોય તેને ભીમ બજેટ કહેવા અંગેની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૪/૨૦૧૨–૧૩

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સ્થાયી કમીટીના અધ્યક્ષ તા. ૧૮–૦૨–૧૨ના બજેટ ખરેખર ડ્રીમ બજેટ હોય તેને ભીમ બજેટ કહેવા અંગેની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબતે અયોગ્ય, અપુરતી અને અપારદર્શી માહિતીની નકલ પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૨ તા. ૨૧–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી એકાઉન્ટ વિભાગ તથા અરજદારને જાહેર માહિતી અધિકારી એકાઉન્ટ વિભાગની આપેલ માહિતી અંગે મુદ્દાવાર આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. તેવો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. એકા./આરટીઆઈ/ ૧૨ તા. ૩૦–૪–૧૨થી પૂરક વિગતોમાં કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૪૫૨ તા. ૨૪–૨–૧૨થી મુખ્ય હિસાબનીશ(એકાઉન્ટ વિભાગ) અને આસી. સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં. એકા./આરટીઆઈ/૧૦૫ તા. ૭–૩–૧૨થી રૂા. ૧૦ ભર્યેથી માહિતી મેળવી લેવા જણાવતા પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. એકા./આરટીઆઈ/૧૦૬ તા. ૧૩–૩–૧૨ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ રસીદની નકલ, શીડયુલ–૧ ફંડ બેલેન્સ સમરી બજેટ સને–૨૦૧૨–૧૩ ની નકલ, શીડયુલ–૨ એકત્રિત બજેટ સમરી ૨૦૧૨–૧૩ની નકલ, શીડયુલ–૪ એકત્રિત બજેટ સમરી–૨૦૧૨–૧૩ ની નકલ, શીડયુલ–૬ લોન આવક બજેટ વર્ષ–૨૦૧૨–૧૩ની નકલ, શીડયુલ–૭ ડીપોઝીટ ફંડ આવક બજેટ વર્ષ ૨૦૧૨–૧૩ની બજેટની આંકડાકીય માહિતીની નકલો અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૧૫–૫–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૩–૦૨–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૪૫૨ તા. ૨૪–૨–૧૨થી નિયત સમય અવધિમાં મુખ્ય હિસાબનીશ(એકાઉન્ટ વિભાગ) અને આસી. સેક્રેટરી (સ્થાયી સમિતિ)ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે સેક્રેટરી તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/ સેક્રેટરી/સ્થા.સ./આઉટ/નં. ૦૯ તા. ૨–૩–૧૨થી મુદ્દા નં. ૨ અંગે મુખ્ય હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી એકાઉન્ટ વ્િભાગને તબદીલ કરવામાં આવેલ જયારે પત્ર નં. આરટીઆઈ સેક્રેટરી /સ્થા.સ./આઉટ/નં.૧૦ તા. ૧૨–૩–૧૨થી મુદ્દા નં. ૧ અને ૩ની માહિતી આપવામાં આવેલ. અરજદારની માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અત્રેને સ્પર્શતો પ્રશ્ન છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) સ્થાયી કમીટીના અધ્યક્ષ તા. ૧૮–૦૨–૧૨ના બજેટ ખરેખર ડ્રીમ બજેટ હોય તેને ભીમ બજેટ કહેવા અંગેની શૈક્ષણિક લાયકાતની માહિતીની નકલ.
(૨) મનપામાં સદર બજેટમાં ૩૧૭૯ કરોડ મંજુર થયેલ હોય તે રકમ અંગેના આવકના સાધનોની માહિતીની નકલ. તેવા પ્ર શ્ન બાબતે મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં. એકા./આરટીઆઈ /૧૦૫ તા. ૭–૩–૧૨થી નિયત સમય અવધિમાં " અરજદારની અરજીના સંદર્ભે હિસાબી ખાતા પાસે ઉપલબ્ધ માહિતી પાના નંગ ૫ છે. દરેક પાનાદીઠ રૂા. ૨/– લેખે રૂા. ૧ ૦/– થાય છે. જે સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી રસીદની નકલ હિસાબી ખાતામાં રજુ કરી માહિતી મેળવી લેવા વિનંતી" તેવું જણાવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં. ૧૭૧૪૩૬ તા. ૯–૩–૧૨થી રૂા. ૧૦/– ભરપાઈ કરેલ જેના સંદર્ભે મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં. એકા./આરટીઆઈ/૧૦૬ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં અરજદારને સદર નકલ પુરી પાડવામાં આવેલ છે.
(૩) આ બજેટ દિવસના ચાંદ દેખાડતું હોય અને રાત્રે સુરજ દેખાડતું હોય તે અંગેની માહિતીની નકલ.

જે અંગે અરજદારે અયોગ્ય, અપૂરતી અને અપારદર્શી માહિતીની નકલ પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૩–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે શીડયુલ ૩ અને શીડયુલ ૫ ની માહિતી આપેલ નથી. તેવી રજુઆત કરેલ. જેનાથી અસંતોષ હોય અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને અરજદારની અપીલના મુદ્દા નં. ૧ અને ૩ બાબતે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આ.નં./૧૨૪ તા. ૧૭–૪–૧૨થી અંશતઃ અપીલ અધિકારી ઈ.ચા. સેક્રેટરીને

અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. વધુમાં અરજદારે અપીલમાં અયોગ્ય,અપૂરતા અને અપારદર્શી બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. વધુમાં અરજદારે તેમના તા. ૧૫–૫–૧૨ના પાઠવેલ પૂરક પત્રમાં જ પૂરક વિગતો આપવાની જગ્યાએ પત્રમાં બસ સ્ટેન્ડ, રિક્ષા અને જાતે ચાલતા ચૂકી ગયા હોય તેવા કારણથી લેટ, લતીફ અને પોંચેલ હોય તેવું જણાવી અપીલ ગુણદોષ પર નિકાલ કરવાનો અધિકારી નાબૂદ થયેલ હોય તેવું જણાવેલ. જે અંગે અરજદારને અત્રેથી તેમની તા. ૧૩–૪–૧૨થી અપીલ અરજી **SMC/FAP/** નં. ૧૪/૨૦૧૨–૧૩ નો નિકાલ બેકલોગ ક્રમને ધ્યાને લઈ કરવામાં આવનાર છે. આથી તેઓ ઈચ્છુક હોય તો અત્રેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૨ તા. ૨૧–૪–૧૨ના પત્રથી જણાવવામાં આવેલ બાબતે દિન–૫ માં તેમનો પક્ષ રજૂ કરવા પુનઃ તક આપવામાં આવે છે. જો નિયત સમયમાં તે મળશે નહી તો તેમની તે અંગે કોઈ રજુઆત નથી તેમ માની અપીલનો ગુણદોષ પર નિકાલ કરવામાં આવશે તે જાણશો. એવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે અપીલ સંદર્ભે કોઈ પૂરક વિગતો રજુ કરેલ નથી. તથા તેમ કરવામાં સફળ રહેલ નથી. અરજદારે અપીલમાં શીડયુલ–૩ અને શીડયુલ–૫ નહી મળ્યા બાબતેની રજુઆત કરેલ છે. જે સુરત મહાનગરપાલિકાના બજેટના ખર્ચ વિભાગના શીડયુલ છે. જયારે અરજદારે મૂળ અરજીમાં આવકના સાધનોની માહિતીની નકલ માંગેલ છે. આમ આવકના સાધનોની નકલ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદઢારને પૂરી પાડવામાં આવેલ છે. શીડયુલ–૩ અને શીડયુલ–૫ ની માહિતી અરજદારે અપીલ તબક્કે મૂળ અરજીથી અલાયદી માંગણી કરવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૧૩–૪–૧૨ ધ્યાને લેતાં ૧૨–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૭–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી અત્રે સ્પર્શતી મુદ્દા નં. ૨ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદારે મૂળ અરજીથી અલાયદો અપીલ તબક્કે શીડયુલ–૩ અને શીડયુલ–૫નો ખર્ચ બાબતેનો માહિતીની માંગણીનો અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય, જે અંગે આરટીઆઈ એકટના કાયદાની જોગવાઈઓ અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

(૧) પ્રતિ, ડે.કમિ.(ફા.) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (એકાઉન્ટ વિભાગ) .... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા**

અપીલ અરજી નં.૧૫ તા.૧૮–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતિ મધુબેન શાંતિભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતિ મધુબેન શાંતિભાઈ પટેલની તા. ૨૭–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) આપશ્રીને સંબોધીને પાલગામના ઘાંચીફળી(પટેલફળી)માં આવેલ ગેરકાયદેસર દબાણવાળી સીટી સર્વે નં. ૬૧૫ તથા ૬૧૬ વાળી મિલકતોમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે. તે બાંધકામ તોડવા માટે તા. ૧૧–૬–૧૦ના રોજ અરજી આપેલ છે અને તે અરજીમાં જણાવ્યા પ્રમાણેનું ગેરકાયદેસર દબાણ કરી કરેલ બાંધકામ આજ દિન સુધી કેમ તોડવા આવેલ નથી તે અંગેના કાયદેસરના કારણો લેખિતમાં જણાવવા વિ. મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૫ /૨૦૧૨–૧૩

શ્રીમતિ મધુબેન શાંતિભાઈ પટેલની તા. ૨૭–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) આપશ્રીને સંબોધીને પાલગામના ઘાંચીફળી(પટેલફળી)માં આવેલ ગેરકાયદેસર દબાણવાળી સીટી સર્વે નં. ૬૧૫ તથા ૬૧૬ વાળી મિલકતોમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે. તે બાંધકામ તોડવા માટે તા. ૧૧–૬–૧૦ના રોજ અરજી આપેલ છે અને તે અરજીમાં જણાવ્યા પ્રમાણેનું ગેરકાયદેસર દબાણ કરી કરેલ બાંધકામ આજ દિન સુધી કેમ તોડવા આવેલ નથી તે અંગેના કાયદેસરના કારણો લેખિતમાં જણાવવા વિ. મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં. ૧૧૭૨ તા. ૧૨–૩–૧૨થી અસંતોષકારક જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી તા. ૩–૩–૧૨ના નવા હુકમ મુજબ હોય તો તેમના ઉપરી અપીલ અધિકારી કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરાવવા અને તેની જાણ અત્રે કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૩ તા. ૨૧–૪–૧૨ થી ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર સામે અસંતોષકારક માહિતીના દાવા અંગે મુદ્દાવાર નારાજગીની વિગતો તથા આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ /આ.નં.૨૩૭ તા. ૪–૫–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારની તા. ૧૧–૬–૧૦ નારોજ કરેલ અરજીની નકલ,નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૭૨ તા. ૧૨–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૩–૫–૧૨ ના રોજનો પૂરક પત્ર અત્રે મળેલ. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટઆઈસેલ/૩૪૦ તા. ૧૭–૫–૧૨ થી અરજદારની તકરાર નિવારણ અને કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૬૨ તા. ૨૨–૫–૧૨ થી પૂરક વિગતો રજૂ કરેલ છે.

અરજદારની તા. ૨૭–૨–૧૨ ની અરજીથી પાલગામ ઘાંચીફળી(પટેલફળી) ના ગેરકાયદેસર બાંધકામ બાબતે તા. ૧૧–૬–૧૦ નારોજ કરેલ અરજી બાબતે બાંધકામ તોડવામાં આવેલ નથી તેવી માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૨ જીઅરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાંઆવેલ. જેમાં મુદ્દા નં. (૧) આપશ્રીને સંબોધીને પાલગામના ઘાંચીફળી(પટેલફળી)માં આવેલ ગેરકાયદેસર દબાણવાળી સીટી સર્વે નં. ૬૧૫ તથા ૬૧૬ વાળી મિલકતોમાં ગેરકાયદેસર દબાણ કરેલ છે. તે બાંધકામ તોડવા માટે તા. ૧૧–૬–૧૦ના રોજ અરજી આપેલ છે અને તે અરજીમાં જણાવ્યા પ્રમાણેનું ગેરકાયદેસર દબાણ કરી કરેલ બાંધકામ આજદિન સુધી કેમ તોડવામાં આવેલ નથી તે અંગેના કાયદેસરના કારણો લેખિતમાં જણાવવા. મુદ્દા નં.(૨) અરજી આપી છતાં આજ દિન સુધી સદર ગેરકાયદેસર દબાણ તથા બાંધકામ કેમ નથી તોડેલ કે કોઈ કાર્યવાહી કરેલ નથી તે અંગેની લેખિતમાં સ્પષ્ટતા કરવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૭૨ તા. ૧૨–૩–૧૨ થી નિયત સમય અવધિમાં પાલ ગામ સી.સ. નં.૬૧૫ તથા ૬૧૬ વાળી મિલ્કતમાં થયેલ બાંધકામ તોડવા અંગે કરેલ તા. ૧૧–૬–૧૦ ની અરજીના અનુસંધાને આજ દિન સુધી બાંધકામ કેમ તોડવામાં આવેલ નથી/ કાર્યવાહી કરવામાં આવેલ નથી તે અંગેની સ્પષ્ટતા કારણોની માહિતી આરટીઆઈ એકટ હેઠળ આપવાની રહેતી નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે. તેવું જણાવેલ છે.જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા. ૧૮–૪–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં માહિતી અધિકારીએ ખુલાસો કર્યો તે સંતોષકારક નથી તેમજ તા. ૧૧–૬–૧૦ ની અરજી બાબતે કોઈ લેખિત કે પ્રોગ્રેસીવની જાણ કરેલ નથી કે ખુલાસો કરેલ નથી. તેવું અપીલ અરજીમાં જણાવેલ છે. વધુમાં મહાનગરપાલિકાએ શું પગલા ભર્યા અને પ્રોગ્રેસ કર્યો તેવી અરજીની જાણકારી મેળવવા માટે તા. ૨૭–૨–૧૨ ની માહિતી માંગતી અરજી સંતોષકાર પૂર્તતા નહીં કર્યાનું જણાવી અપીલ કરેલ છે જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૩ તા. ૨૧–૪–૧૨ થી પૂર્તતા મંગાવવામાં આવેલ.જેના સંદર્ભે અરજદારે તા. ૩–૫–૧૨ ના પૂરક પત્રમાં તેમનીજમીન ઉપર

ધનસુખભાઈ બેચરભાઈ પટેલ કબ્જો કરી બાંધકામ કરી ગેરકાયદેસર કૃત્ય કર્યાની ફરીયાદ અને તકરારી બાબતની રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરના અસંતોષકારક માહિતીના દાવા અંગે મુદ્દાવાર નારાજગી જણાવેલ નથી. આથી જાહેર માહિતી અધિકારીને પુનઃ આરટીઆઈ સેલ/૩૪૦ તા. ૧૭–૫–૧૨ થી પત્ર તકરાર નિવારણને કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૬૨ તા. ૨૨–૫–૧૨ થી આરટીઆઈ હેઠળ ફકત રેકર્ડની જમાહિતી આપવાની હોય છે. ફરીયાદ અરજીના આધારે કોઈ કાર્યવાહી કેમ કરી નથી તે કારણો/ખુલાસો આપવાનો રહેતો નથી. જેથી તે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ છે. સદર કિસ્સામાં મિલ્કતની માલિકી બાબતનો ઝઘડો હોવાનું માલુમ પડેલ છે. સ્થળ ઉપર બાંધકામ જુનુ વસવાટવાળુ હોવાને કારણે ડીમોલીશન અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને ગેરકાયદેસર બાંધકામ અંગે કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી તે અંગે કે તેમની ફરીયાદ અરજી અંગે હાથ ધરેલ–નહીં ધરેલ કાર્યવાહીની કોઈ વિગતો આપેલ નથી કે તેના ઈન્કાર માટે કોઈ અપવાદની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૮–૪–૧૨ ધ્યાને લેતાં ૧૭–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૨–૬–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ વેસ્ટઝોન/આરટીઆઈ/૩૬૨ તા. ૨૨–૫–૧૨ થી આપેલ પૂરક માહિતીની વિગતો અનુસાર અરજદારને તેમની તા.૧૦–૬–૧૦ ની અરજી બાબતે બાંધકામ કેમ તોડવામાં આવતું નથી કે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તે અંગેની નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેછે. વધુમાં અરજદારની અપીલમાં કરેલ તકરાર નિવારણને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

પ્રતિ,
(૧) તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે
**(૨) શ્રીમતિ મધુબેન શાંતિભાઈ પટેલ**

અપીલ અરજી નં. ૧૬ તા.૨૦–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),
વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૯–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧)હાલમાં રાખેલા દબાણ ખાતાના કોન્ટ્રાકટ કયાં ઈજારદારને આપેલ છે તેની માહિતીની નકલ (૨) સામાન્ય સભાના ઠરાવ અથવા સ્થાયી ઠરાવની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૬/૨૦૧૨–૧૩

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૨૯–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) હાલમાં રાખેલા દબાણ ખાતાના કોન્ટ્રાકટ કયાં ઈજારદારને આપેલ છે તેની માહિતીની નકલ (૨) સામાન્ય સભાના ઠરાવ અથવા સ્થાયી ઠરાવની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી ખોટી, અયોગ્ય અને અપારદર્શી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને નકલ ફી ભર્યા બાદ માહિતી આપ્યા નહીં આપ્યાની વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૪ તા. ૨૧–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, તત્કાલીન જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ સંદર્ભે ખોટી, અધુરી માહિતી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૩૦૨ તા. ૧–૫–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૧૪ તા. ૧–૩–૧૨થી આરોગ્ય અધિકારીશ્રી(આરોગ્ય વિભાગ), વીજીલન્સ અધિકારી (વીજીલન્સ બ્રાન્ચ)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વી.આઈ.ડી/૨૫૧૨ તા. ૨૭–૩–૧૨ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ રસીદની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.નં./૪૭૨ તા. ૨૨–૫–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ/ ૨૭૯૯ તા. ૩૧–૩–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૯–૦૨–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૫૧૪ તા. ૧–૩–૧૨થી નિયત સમય અવધિમાં આરોગ્ય અધિકારી(આરોગ્ય વિભાગ) અને વીજીલન્સ અધિકારી(વીજીલન્સ બ્રાન્ચ)ને તબદીલ કરેલ. જે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં. પીએચડી/સોવેમે/૧૯૬૭ તા. ૧૪–૩–૧૨થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સીઝેડ/આરટીઆઈ/આ.નં./૨૭૪૨ તા. ૨૬–૩–૧૨ નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં. વી.આઈ.ડી/૨૫૧૨ તા. ૨૭–૩–૧૨ નિયત સમય અવધિમાં મુદ્દા નં. ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) હાલમાં રાખેલા દબાણ ખાતાના કોન્ટ્રાકટ કયાં ઈજારદારને આપેલ છે તેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " હાલમાં રાખેલા દબાણ ખાતાનો કોન્ટ્રાકટ સેન્ટ્રલ ઈન્વેસ્ટીગેશન એન્ડ સીકયોરીટી સર્વિસીસ લિ. મુંબઈને આપવામાં આવેલ છે." તેવું જણાવેલ.
(૨) સામાન્ય સભાના ઠરાવ અથવા સ્થાયી ઠરાવની માહિતીની નકલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " સામાન્ય સભાના ઠરાવ તથા સ્થાયી સમિતિના ઠરાવની નકલ પાના નંગ–૪ રૂા. ૮/– ભર્યેથી નકલ મળી શકશે." તેવું જણાવેલ. જે અંગે અરજદારે રૂા. ૮/– ભરપાઈ કરતા સેન્ટ્રલઝોન તરફથી સીઝેડ/ આરટીઆઈ/આ.નં./૨૭૯૯ તા. ૩૧–૩–૧૨થી ઠરાવોની નકલ પુરી પાડવામાં આવેલ છે.
(૩) સદર ઈજારદાર દબાણ હટાવવાના માણસો મસલજ પાવર બતાવી ગુંડાગર્દીથી રીતસરના હપ્તા ઉઘરાવે છે જે અંગેની માહિતીની નકલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " સેન્ટ્રલઝોનના રેકર્ડ પર આવી માહિતી ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ.
(૪) સદર દબાણ ખાતાના મુદ્દા નં. ૩ અંગેની વીજીલન્સ દ્વારા સરપ્રાઈઝ તપાસ અંગેની માહિતીની નકલ(આમ તો નરેશ પારેખ મુખ્ય તપાસ અધિકારીની તપાસમાં જ નીલ આવશે જે અમો આગળથી જણાવીએ છીએ. જેથી આ તપાસ એસ.એમ.સી.ના અન્ય અધિકારી દ્વારા કરવામાં આવે). જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં " સદર બાબતે વીજીલન્સ વિભાગને સેન્ટ્રલઝોન ખાતેથી પત્ર નં. ૨૫૧૪ તા. ૧–૩–૧૨ના રોજ અરજી તબદીલ કરેલ છે."

તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી " દબાણ ખાતા અંગેની માંગેલ માહિતી વીજીલન્સ વિભાગને લાગત મુદ્દા નં. ૪ બાબતે તા. ૧–૪–૧૧ થી આજદિન સુધીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા દબાણ હટાવનારા ઈજારદારો વિરુદ્ધમાં કોઈ ફરીયાદ/ અરજી કે કોઈ તપાસ થયેલ હોવાનું માલમ પડેલ નથી." તેવું જણાવેલ.

જે અંગે અરજદારે ખોટી, અયોગ્ય અને અપારદર્શી માહિતીથી નારાજ થઈ તા. ૨૦–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.(૧)વીજીલન્સ વિભાગ દ્રારા બેજવાબદાર અને વાહીયાત જવાબ આપવાનું યોગ્ય જણાતું નથી. તેવી રજુઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. મુદ્દા નં. (૨)અરજદારે રૂા. ૮/– ભરી પાના નંગ–૪ પાના લેવાના થાય તેની જગ્યાએ ૨ પાના આપેલ છે અને ૨ પાનાની માહિતી આપેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે નકલ આપવાની માંગણી કરેલ છે. જેમાં અરજદારે અત્રે રજુ કરેલ અપીલ અરજી સાથે જ પાના નંગ–૪ સામેલ છે. આથી અરજદારે અપીલમાં કરેલા દાવાને સમર્થન મળતું નથી.મુદ્દા નં. (૩) માંગેલ માહિતી એવી છે કે જે ફોજદારી હોય રેકર્ડ પર હોય જ નહિ અને રેકર્ડ પર લેવાયેલ જ નથી. અને તો તે ગુનો બને પરંતુ જયારે ગુનો બનશે ત્યારે જે તે કોન્ટ્રાકટ આપેલ છે તે ગુંડા છે કે સજજન છે જેની નોંધ લેશો. જેમાં અરજદારે તેવું અનુમાન કરેલ. મુદ્દા નં. (૪) જેમાં અરજદારે મુદ્દા નં. ૪ અંગે અરજી તબદીલ કરેલ પરંતુ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર જણાવેલ નથી. અરજદારને પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૨૫૧૪ તા. ૧–૩–૧૨થી ક્રમાંક નં. ૧ આરોગ્ય અધિકારી (આરોગ્ય વિભાગ) અને ક્રમાંક નં. ૨ વીજીલન્સ ઓફિસર (વીજીલન્સ બ્રાન્ચ) જણાવેલ છે આથી અરજદારે કરેલ દાવાને સમર્થન મળતું નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૦–૪–૧૨ ધ્યાને લેતાં ૧૯–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩–૬–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ) .... જાણ તથા અમલ માટે
**(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા**

અપીલ અરજી નં.૧૭ તા.૨૫–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બી. સી. સોનવણે
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી. સી. સોનવણેની તા. ૧૮–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં.૧ અને પ્લોટ નં. ૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલિકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહી ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહીં ? વિ. મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૧૭ /૨૦૧૨–૧૩

શ્રી બી. સી. સોનવણેની તા. ૧૮–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં. ૧ અને પ્લોટ નં. ૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલિકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહીં ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહીં ? વિ. મુદ્દા નં. (૧) થી (૬)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૭૯૨ તા. ૧૮–૨–૧૨થી ખોટી માહિતી આપી ગેરમાર્ગે દોરવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૭ તા. ૩૦–૪–૧૨ થી** એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને લગભગ $1\frac{1}{2}$ માસની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા તથા મળેલ માહિતી સામે નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ અરજી ફી ભર્યાની વિગત સાથે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૩–૫–૧૨ નો પૂરક પત્ર મળેલ છે. સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ તા.૧૮–૨–૧૨ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા. ૧૮–૧–૧૨ ની અરજીથી પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગર પ્લોટ નં.૧ અને ૨ માં ચાલી રહેલ બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધીને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) પાન્ડેસરા ખાતે શિવનગરની બાજુમાં આવેલ રણછોડનગરમાં પ્લોટ નં. ૧ અને પ્લોટ નં. ૨ માં ચાલી રહેલ બાંધકામ કોની માલિકીના છે અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કે નહીં ? (૨) ઉપરોકત બાંધકામના આર્કીટેક કોણ છે ? અને સદર બાંધકામની પરવાનગી લેવામાં આવી છે કે નહીં ? (૩) હાલમાં સદર બાંધકામની કેટલા માળ સુધીની બાંધકામની પરવાનગી લ ેવામાં આવેલ છે? (૪) હાલમાં સદર બાંધકામ કેટલા માળ સુધી પુરુ થયેલ છે. (૫) બાંધકામની લીધેલ પરવાનગી મુજબ સ્થળ પર કામ કાજ ચાલે છે કે નહીં?(૬) જો સદર બાંધકામ ગેરકાયદેસર છે તો કેટલા સમયમાં અને કયારે તોડવા માંગો છો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૯૨ તા. ૧૮–૨–૧૨ થી રણછોડનગર પ્લોટ નં.૧અને ૨ વાળી મિલકતમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં.૧ માં જણાવેલ માલિકની વિગત, મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલ આર્કી.ની માહિતી,મુદ્દા ૩ થી માંગવામાં આવેલ માળની સંખ્યાની માહિતી,મુદ્દા નં.૪ થી માંગવામાં આવેલ પૂર્ણ થયેલ માળની સંખ્યા તથા મુદ્દા નં.૫ થી માંગવામાં આવેલ માહિતી આપી શકાય તેમનથી. મુદ્દા નં.૬ થી માંગવામાં આવેલ માહિતી રેકર્ડમાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૭૯૨ તા. ૧૮–૨–૧૨થી ખોટી માહિતી આપી ગેરમાર્ગે દોરવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ લગભગ દોઢ માસના વિલંબથી તા.૨૫–૪–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે રણછોડનગરના પ્લોટ નં.૧ અને ૨ માં ચાલતાં બાંધકામની વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેમ છતાં બાંધકામનેદુર કરવા માટે ખાતાકીય રીતે કોઈ પણ જાતના પગલા લેવામાં આવેલનથી અને ગેરકાયદેસર બાંધકામને પ્રોત્સાહન આપવામાં આવેલ છે. મુદ્દા નં.૪ માં કેટલામાળ સુધીનું બાંધકામ પૂર્ણ થયેલ છે તેવી માહિતી માંગવામાં આવી હતી પણ સ્થળ ઉપર બે માળનું આરસીસી બાંધકામ પુરું થયું હોવા છતાં ત્રીજા માળનું બાંધકામ ચાલતુ હોવા છતાં માહિતી છુપાવવાનો પ્રયત્ન કરેલછે અને ગેરકાયદેસર બાંધકામને છાવરવા કોઈ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. મુદ્દા નં.૬

માં ગેરકાયદેસર બાંધકામ છે હાલમાં પણ સ્થળ ઉપર બાંધકામ ચાલુ હોવા છતાં ગેરકાયદેસર બાંધકામને દુર કરવાને બદલે ખોટા જવાબ આપી બચાવવાનો પ્રયત્ન કરેલ છે તેવી રજૂઆત અપીલમાં કરેલ છે. અરજદારની વિલંબિત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

જે અંગે અત્રેથી અપીલ અંગે આરટીઆઈ સેલ/૨૨૭ તા. ૩૦–૪–૧૨ થી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગતા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારને અત્રેથી લગભગ 1½ માસની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા તથા મળેલ માહિતી સામે નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ, અરજી ફી ભર્યાની વિગત સાથે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી ફી ભર્યાની વિગત કે વિલંબિત અપીલ અંગેકોઈવાજબીપણું રજૂ કરેલ નથી પરંતુ તા. ૩–૫–૧૨ ના પત્રથી (૧ ) માહિતી અધિકારીએ મુદ્દાનં.૧ અને ૨ના જવાબમાં સદર બાંધકામની પરવાનગી આપવામાં આવેલ નથી એવો જવાબ આપેલ છે જેથી સદર બાંધકામ ગેરકાયદેસર છે અને તે સામે મહાનગરપાલિકાએ શું પગલા લેવાના છે તે અધિકારીઓના મેળાણીપણાને લીધે કાયદેસરના પગલા લેવામાં આવેલ નથી અને સદર કિસ્સામાં આપના અધિકારીઓ વતી મોટી કટકી થયાની ગંધ આવી રહી છે જેની જ આ અધિકારીઓ સદર ગેરકાયદેસર બાંધકામને છાવરવાનો પ્રયાસ કરી રહયા છે. (૨) મુદ્દાનં.૩/૪ માં માળની સંખ્યા પુછવામાં આવેલ છે હાલમાં સ્થળ પર બે માળનું કામ પૂર્ણ થયેલ છે અને ત્રીજા માળનું બાંધકામ ચાલી કરી દીધું છે તેમ છતાં આપ સાહેબ મારી પાસે પુરાવાઓ માંગો છો. સ્થળ પર આરસીસીનું પાકુ બે માળનું બાંધકામ દેખાય છે પરંતુ અધિકારીઓને સ્થળ પર શું સ્થિતિ છે તે કેમ દેખાતી નથી. કે પછી તેઓ તે જોવા માંગતા નથી. (૩) મુદ્દા નં.૬ માં સદર બાંધકામ ગેરકાયદેસર હોય તો કેટલા સમયમાં તે તોડવા માંગો છો તે માહિતી રેકર્ડમાં ઉપલબ્ધ હોઈ જ શકે તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે પૂરક વિગતોમાં અપીલ અરજીમાં કરેલ રજૂઆત કરેલછે પરંતુ અપીલના વિલંબિત અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. અરજદારની અપીલમાં કરેલ રજૂઆત માહિતીને લગતી નહીં પરંતુ ગેરકાયદેસર બાંધકામ બાબતે છે અને અરજદારે ચાલી રહેલ ગેરકાયદેસર બાંધકામની વિગતો તથા સદર કિસ્સામાં તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે.કાર્યવાહીને લગતી બાબત અંગે જે તે સક્ષમ સત્તાને કરવાની રહે છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જે મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેમજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતે કોઈ માહિતી દફતર ઉપર ઉપલબ્ધ નથી. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૫–૪–૧૨ ધ્યાને લેતાં ૨૪–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૮–૦૬–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દાનં.૧ થી ૫ પુરતું દફતરી માહિતી અપાયેલ છે જે પરવાનગી લીધેલ નહીં હોવાના પ્રત્યુત્તરથી સ્પષ્ટ થાય છે જેથી તે અંગે વિશેષ કોઈ અપીલીય કાર્યવાહી કરવાની રહેતી નથી. જયારે મુદ્દા નં.૬ ની અરજદારની માહિતી માંગણી ભવિષ્યની કાર્યવાહી અને સમય અવધિને લગતી છે જે કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે સુસંગત ન હોઈ તેટલા પૂરતી અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં

આગોતરો સમય મેળવી બાબત હેઠળની ફાઈલની તપાસણી તેમની વિલંબિત અપીલ ધ્યાને લેતાં કલમ–૭(૩) સાથે નિયમ–૫ અન્વયે લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે. અરજદાર કાર્યવાહીને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અનેતત્કાલીન જાહેર માહિતી અીધકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
**(૨) શ્રી બી. સી. સોનવણે,**

અપીલ અરજી નં.૧૮ તા.૧૨–૪–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો. પીતાંબર પ્રધાન
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ ડો. પીતાંબર પ્રધાનની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત શહેરમાં આવેલા અમરોલી વિસ્તારમાં રાજીવનગર, વસાહત(પાળા વિસ્તાર) ( HUTS OF REVER WALL CHHAPRABHATHA NO.20 ) તાપીનદી પુલ પાસે B.M.SURVEY માંથી N/52, N/45, N/42, N/41, બાયોમેટ્રીક સર્વેમાંથી આજ દિન સુધી કેટલા અરજીપત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી પત્રક આપવામાં આવેલ છે. કયા કયા તારીખે આપવામાં આવેલ છે તેની માહિતી આપો અને હજુ કેટલા અરજી પત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી , લોકોને આપવાનાં બાકી છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં. (૧)થી (૧૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૪–૧૨ ની **SMC/FAP/** નં.૧૮/૨૦૧૨–૧૩

ડો. પીતાંબર પ્રધાનની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત શહેરમાં આવેલા અમરોલી વિસ્તારમાં રાજીવનગર, વસાહત(પાળા વિસ્તાર) ( HUTS OF REVER WALL CHHAPRABHATHA NO. 20) તાપીનદી પુલ પાસે B.M.SURVEY માંથી N/52, N/45, N/42, N/41, બાયોમેટ્રીક સર્વેમાંથી આજ દિન સુધી કેટલા અરજી પત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી પત્રક આપવામાં આવેલ છે. કયા કયા તારીખે આપવામાં આવેલ છે તેની માહિતી આપો અને હજુ કેટલા અરજી પત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી, લોકોને આપવાનાં બાકી છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં. (૧)થી (૧૪)ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૫૭૮૫ તા. ૨૯–૧૧–૧૧ના રોજના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૩ તા. ૩૧–૫–૧૨ થી** એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) તથા અરજદારને સાડા ત્રણ માસની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ વાજબીપણું રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારી વાઈઝ, મુદ્દાવાર નારાજગીના કારણો આધાર પુરાવા સહિત રજૂ કરવા તથા નવા હુકમ મુજબના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપેલ હોય તો તેમના ઉપરી અને અપીલ અધિકારી કક્ષાએથી અપીલીય કાર્યવાહી કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૯ તા. ૬–૬–૧૨ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૬ તા. ૨–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર નોર્થઝોન, અઠવાઝોન, વરાછાઝોન, સ્લમ અપગ્રેડેશન સેલ, ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૬૩ તા. ૧૯–૧૧–૧૧ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તથા અઠવાઝોન તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૭૩ તા. ૧૧–૫–૧૨ થી અત્રે તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/૬૮૬ તા. ૧૧–૬–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દાનં.૧૦ અંગે આપેલ માહિતીના પત્ર નં.એસયુસી/૧૫૮૬ તા. ૧૫–૧૧–૧૧ નાપત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, તથા સદર અપીલ અંગે કરવામાં આવેલ પત્ર નં.એસયુસી/૫૨૨ તા. ૧૮–૫–૧૨ ના હુકમની નકલ, પત્ર નં.એસયુસી/આ.નં.૩૧૮ તા. ૧–૫–૧૨ થી અરજદારને સુનાવણી અંગે પાઠવેલ પત્રની નકલ, અરજદારની તા. ૧૨–૪–૧૨ ની અપીલ અરજી તથા કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/૭૫ તા. ૨૧–૪–૧૨ થી અપીલ તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૪૧ તા. ૮–૬–૧૨

થી પૂરક વિગતોમાં અપીલ અરજી અંગે પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૯૦ તા. ૨૮–૫–૧૨ થી કરેલ હુકમની નકલ અત્રે મળેલ છે. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૧૩ તા. ૨–૬–૧૨ થી પૂરક વિગતોમાં અપીલ અરજી અંગે પાઠવવામાં આવેલ પત્રની નકલ, અપીલ અરજીનં.૮ તા. ૨૩–૪–૧૨ થી કરેલ હુકમની નકલ અ ત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મ. મહેકમ તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.જીએડી/ઈએસટી/૯૨૮ તા. ૨૫–૫–૧૨ ના રોજ કરેલ હુકમની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૫–૧૦–૧૧ ની અરજીથી અમરોલી વિસ્તારમાં આવેલ પાળા વિસ્તાર તાપી નદી પુલ પાસે બીએમ સર્વે તથા બીએમના સર્વે નંબર અને ઝુંપડપટ્ટી અંગે આવેલ અરજી પત્રક અને નૌવસારીવાળા કર્મ.ની વિગતો માંગતી મુદ્દા નં.૧ થી ૧૪ ની અરજી જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૦૬ તા. ૨–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર નોર્થઝોન, અઠવાઝોન, વરાછાઝોન, સ્લમ અપગ્ર ેડેશન સેલ, ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૬૩ તા. ૧૯–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં મદ્દાનં.૧૪ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૫૮૬ તા. ૧ ૫–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧૦ અંગે માહિતી આપવામાં આવેલ છે. જયારે કતારગામઝોન તરફથી મુજબ ૧ થી ૮ અને અંશતઃ ૯ અંગે માહિતી અંગે હુકમ કરવામાં આવેલ નકલ રજૂ કરેલ છે. મધ્યસ્થ મહેકમ તરફથી અંશતઃ મુદ્દાનં.૯ અંગે કરેલ હુકમની નકલ રજૂ કરવામાં આવેલ છે. વરાછાઝોન તરફથી મુદ્દાનં.૧૨ અંગે કરવામાં આવેલ હુકમની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુરત શહેરમાં આવેલા અમરોલી વિસ્તારમાં રાજીવનગર, વસાહત(પાળા વિસ્તાર) ( HUTS OF REVER WALL CHHAPRABHATHA NO. 20) તાપીનદી પુલ પાસે B.M.SURVEY માંથી N/52, N/45, N/42, N/41, બાયોમેટ્રીક સર્વેમાંથી આજ દિન સુધી કેટલા અરજી પત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી પત્રક આપવામાં આવેલ છે. કયા કયા તારીખે આપવામાં આવેલ છે તેની માહિતી આપો અને હજુ કેટલા અરજી પત્રક કયા કયા B.m.Of HIN નંબરના અરજી, લોકોને આપવાનાં બાકી છે તેની માહિતી આપો. મુદ્દા નં.(૨) ઉપર જણાવેલ બી.એમો માંથી કેટલા લોકોને મકાન આપવામાં આવેલ છે કોને આપવામાં આવેલ છે (કયા નંબરના કોના નામે અને કયા આધારે) તેની માહિતી નંબર સાથે અને કયા આધારે મકાન આપવામાં આવેલ છે પુરાવાની નકલ તથા જેને મકાન મળી ગયેલા છે તેની અરજી પત્રકની નકલ આપો. મુદ્દા નં.(૩) આજ દિન સુધી કેટલા અરજી પત્રક જમા છે કયા નંબરના તેની માહિતી આપો અને કઈ તારીખે જમા થયેલ છે તે અરજીઓના ૨૫ રૂપિયા ફી જમા છે કે કેમ અને જમા કર્તાને ૨૫ રૂપિયા ની રસીદ આપેલ છે કે કેમ તેની માહિતી આપો. મુદ્દાનં.(૪) આજ દિન સુધી જમા થયેલા અરજી પત્રકો કઈ સ્થિતિમાં છે? તેના કારણ સાથે લીસ્ટ આપશોજી. તેમા કયા કયા પુરાવા છે અને જે કાંઈ પુરાવા છે તેની નકલ આપો.મુદ્દાનં.(૫) ઉપર જણાવેલ બી.એમો માં થી જેટલા અરજી પત્રક નોર્થઝોનમાં જમા છે ડ્રોમાં કયા કારણે પેંડિંગ છે કયા અધિકારીના દબાણમાં છે તેની માહિતી આપો.મુદ્દાનં.(૬) જુની તારીખથી જમા થયેલ ગરીબ આવાસ લોકોના અરજી પત્રક પેંડિંગ રાખીને લેટથી ભરેલા અરજી પત્રકો કયા અધિકારીના આદેશથી પેડિંગ રાખવામાં આવેલ છે તે બાબતમાં કોઈ હુકમ હોય તો તેની માહિતી આપો. મુદ્દા નં.(૭) એન/૪૫/૧૮૩ નં ના સ્ત્રી અરજદાર ઉડીશા સુકાંતીબેન સન્યાશી ગુજરી ગયા છે તેની પરીવારના આર્થિક નુકશાન કોના માથે આવશે? અને તેની અરજી ઘણા સમયથી જમા હોવા છતાં ભેદભાવ રાખી આજ દિન સુધી કેમ ડ્રો કરવામાં આવેલ નથી અને કયા અધિકારી તે અરજી પત્રક બાદ રાખવામાં ઈશારા કરેલ છે હાલ તે અરજી કઈ સ્થિતિમાં છે? તેની માહિતી આપો. તે સાથે એન/૪૫/૪૨૩ નંબર વાળી અરજી પત્રક નૌસારીવાળા કયાં મુકી રાખેલ છે તે કઈ સ્થિતિમાં છે તેની માહિતી આપો. મુદ્દા નં.(૮) નોર્થઝોન કતારગામમાં તા. ૧૯–૧૧–૧૦ ના ઈન્વર્ડ નં૮૨૯૩ વાળી અરજી તથા તા. ૧૦–૧૧–૧૦ ના ઈન્વર્ડ નં.૮૩૦૮ થી ૮૩૩૯ વાળી અરજીની નકલ તથા તેની કાર્યવાહીની વિગત આપો. મુદ્દા નં.(૯) નોર્થઝોનમાં કતારગામના જમીન મિલ્કતો ખાતામાં કામ કરતાં કર્મ. રમેશભાઈ નૌસારીવાલા નોકરી કર્યાની તારીખથી કેટલી રજા પાડેલ છે અને આજ દિન સુધી કયા પ્રકારના કામો કેટલા સમયમાં કરેલ છે તેના હાથથી તૈયાર કરેલા કામોની વિગત તથા તેની નકલ આપશોજી. નોકરી કરેલ તારીખ પહેલા તેની મિલ્કતોની માહિતી તથા આજ રોજ સુધી કેટલી આવક હતી બેંકબેલેન્સ આપો. નોકરી કરેલ દિવસથી આજ દિન સુધી તેના કામોની મીનીટસ બુકની નકલ આપો. તેના હસ્તક તૈયાર થયેલા તમામ કામોના સહીવાળી નકલો. (ફકત શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ કામના) આપો સહી સિકકા સાથે આપો અને કયા અધિકારીના હુકમમાં તે કામ તથા સહી કરેલ છે તેની માહિતી આપો. મુદ્દા ન.(૧૦) શહેરી ગરીબ આવાસ અંગે આવેલ ફરીયાદની શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં.એસયુસી/૧૫૮૬ તા. ૧૫–૧૧–૧૧ થી શહેરી ગરીબ આવાસ અંગે આવેલ ફરીયાદો સંદર્ભે નીતિ નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં ચોકકસ વિગતો અંગેની માહિતી માંગ્યેથી આપી શકાય તેમ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૧) શહેરી ગરીબ આવાસ અંગે હડતાળ કરેલ અને તે બાબત ચૌહાણ સાહેબશ્રી એ શાંત પડાવીને નૌસારીવાળાને તમામ કામો નિકાલ કરવા મૌખિક તથા ટેલીફોનીક આદેશ આપવા છતાં નૌસારીવાલા કયા સાહેબના આદેશથી કોઈ પણ કામના નિકાલ આજ દિન સુધી કરેલ નથી તેની માહિતી આપશોજી. મુદ્દા નં.(૧૨) ધરતીનગર એ.કે. રોડના ઝુંપડપટ્ટીના કેટલા અરજી પત્રક લોકોને આપવા બાકી છે તેના નામ નંબર સાથે માહિતી આપો અને કેટલા મકાન તોડવામાં આવેલ છે કેટલા મકાન આપવામાં આવેલ છે તેની માહિતી આપો. મુદ્દા નં.(૧૩) ઉધના મગદલ્લા રોડના પોડાચાલ બી.એમ નં.એસ/૧૦ માં કેટલા અરજી પત્રક

આપેલ છે કેટલા અરજી પત્રક આપવાના બાકી છે તેના નામ નંબર સાથે સંપૂર્ણ માહિતી આપો. મુદ્દા નં.(૧૪) ૧૩ પેરામાં જણાવેલ વિસ્તારમાં આવેલા વિસ્તારના સંતોષનગર, તુળસીચાલ, પુઠા ચાલના રુપાલી નહેરમાં કેટલા અરજી પત્રક આપેલ છે કેટલા અરજી પત્રક આપવાના બાકી છે તેની નામ નંબર સાથેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૯૬૩ તા. ૧૯–૧૧–૧૧ થી અઠવાઝોન વિસ્તારમાં રૂપાલી નહેર પર આવેલ સંતોષી નગરમાં કુલ–૨૬૨ અરજી પત્રકો આવેલ. જેના ગુણદોષ તપાસીને નિકાલ કરવામાં આવેલ છે. હવે કોઈ અરજી પત્રકો આપવાની બાકી નથી તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે તા.૧૨–૪–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને સંબોધતી અપીલ અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જેમાં ૩૦ થી વધારે દિવસ થયેલ હોવા છતાં માહિતી મળેલ નથી તેવી અપીલમાં રજૂઆત કરેલછે જે અપીલ કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૫ તા. ૨૧–૪–૧૨ થી નિયત સમય બાદ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, અઠવાઝોન, સ્લમ અપગ્રેડેશન સેલ, પર્સોનલ ઓફિસર શ્રી (નોર્થઝોન), ડે.ઈજનેર –એ, (કતારગામઝોન), ત. જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૭૩ તા. ૧૧–૫–૧૨ થી અઘટિત વિલંબથી અત્રે અપીલ તબદીલ કરવામાં આવેલ. અરજદારની વિલંબિત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને વિલંબિત અપીલ અરજી અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૩ તા. ૩૧–૫–૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે લાગતજાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અપીલ બાબતે થયેલ હુકમોની નકલ અત્રે મળેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૮ અને અંશતઃ ૯ અંગે એન.ઝેડ/આરટીઆઈ/૨૯૦ તા. ૨૮–૫–૧૨ થી હુકમ કરવામાં આવેલ છે. જયારે અંશતઃ મુદ્દા નં.૯ અંગે અપીલ અધિકારી મ. મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૯૨૮ તા. ૨૫–૫–૧૨ થી હુકમ કરવામાં આવેલ છે. જેમાં મુદ્દાનં.૧૧ નો સમાવેશ થયેલ જણાય છે. આથી મુદ્દાનં.૧ થી ૯ અને ૧૧ બાબતે અત્રેથી અપીલ ચલાવવાની રહેતી નથી. જયારે મુદ્દાનં.૧૦ અંગે અપીલ અધિકારી સ્લમઅપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૫૨૨ તા. ૧૮–૫–૧૨ થી હુકમ કરવામાં આવેલ છે.જયારે મુદ્દા નં.૧૨ અંગે અપીલ અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૨ તા. ૧૯–૪–૧૨ થી હુકમ કરવામાં આવેલ છે. આમ અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ ના લાગત અપીલ અધિકારી તરફથી અપીલ અંગે હુકમ થઈ ગયેલ હોઈ અત્રે અપીલ ચલાવવાની રહેતી નથી. જયારે મુદ્દા ન.૧૩ અને ૧૪ બાબતે અત્રે અપીલ ચલાવવાની રહે છે જે પૈકી મુદ્દાનં.૧૪ અંગે અત્રે અપીલ તબદીલ થયેલ છે. જે અંગે અત્રેથી મુદ્દા નં.૧૩ અંગે ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧૪ અંગે અઠવાઝોન તરફથી પૂરક વિગતો માંગવામાંઆવેલ. જેમાં અઠવાઝોન તરફથી પૂરક વિગતો મળેલ છે. પરંતુ ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. તેમજ અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને પત્રનં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૯૬૩ તા. ૧૯–૧૧–૧૧ થી અઠવાઝોન વિસ્તારમાં રૂપાલી નહેર પર આવેલસંતોષી નગરમાં કુલ–૨૬૨ અરજીપત્રકો આવેલ. જેના ગુણદોષ તપાસીને નિકાલ કરવામાં આવેલ છે. હવે કોઈ અરજી પત્રકો આપવાની બાકી નથી તેવું જણાવેલ છે. આમ અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧૪ ની માહિતી પૂરી પાડેલછે જયારે મુદ્દા નં.૧૩ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ વિગતો અપીલ તબકકે પણ પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૬–૦૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દાનં.૧૪ ની જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવેછે. જયારે મુદ્દાનં.૧૩ અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડેલનહોય વિલંબિતઅપીલ ધ્યાને લઈ આરટીઆઈએકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદારને લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)...જાણ તથા અમલ માટે

**(૨) શ્રી ડો. પિંતાબર પ્રધાન**

અપીલ અરજી નં. ૨૦ તા. ૪–૬–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રીમતિ સોનલબેન શાંતિલાલ પટેલ
સામાવાળા :– તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતિ સોનલબેન શાંતિલાલ પટેલની તા. ૨૨–૯–૧૧ની અરજીથી વેસ્ટઝોન ખાતે ફરજ બજાવતા કર્મચારીશ્રી શાંતિલાલ રતનજી પટેલ (કર્મ. નં. ૧૮૦૪૬) અવસાન પામેલ હોવાથી તેમની મળવાજોગ ગ્રેજયુઈટી, પેન્શન, હક્ક રજાનો પગાર,સંયોજીત વિમા વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૬–૧૨ ની **SMC/FAP/** નં. ૨૦ /૨૦૧૨–૧૩

શ્રીમતિ સોનલબેન શાંતિલાલ પટેલની તા. ૨૨–૯–૧૧ની અરજીથી વેસ્ટઝોન ખાતે ફરજ બજાવતા કર્મચારીશ્રી શાંતિલાલ રતનજી પટેલ (કર્મ. નં. ૧૮૦૪૬) અવસાન પામેલ હોવાથી તેમની મળવાજોગ ગ્રેજયુઈટી, પેન્શન, હક્ક રજાનો પગાર, સંયોજીત વિમા વિગેરેની માહિતી આપવા બાબતે ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૬૩૬ તા. ૪–૧૦–૧૧થી મુદ્દા નં. ૩ સંયોજીત વિમા અંગેની માહિતીના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૬–૧૨ ના રોજ વિલંબીત અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૪૯૭ તા. ૧૩–૬–૧૨ થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને કલમ–૧૯(૧) ની જોગવાઈ મુજબ દિન–૩૦ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે જેથી તેમની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ વાજબીપણું રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારી વાઈઝ, મુદ્દાવાર નારાજગીના કારણો આધાર પુરાવા સહિત રજૂ કરવા વધુમાં એ પણ નોંધ લેવા જણાવેલ કે કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. કાર્યવાહી કરવાની બાબત માહિતી માંગણીથી અલાયદી છે. એવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૫૦૨ તા. ૨૨–૬–૧૨ થી પૂરક વિગતોમાં કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૩૫ તા. ૪–૧૦–૧૧થી મ.જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ–પી), મુખ્ય હિસાબનીશને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આઉટ/ નં. ૬૩૬ તા. ૪–૧૦–૧૧ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૨૦–૬–૧૨નો પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૨–૯–૧૧ની અરજીથી વેસ્ટઝોન ખાતે ફરજ બજાવતા કર્મચારીશ્રી શાંતિલાલ રતનજી પટેલ (કર્મ. નં. ૧૮૦૪૬) અવસાન પામેલ હોવાથી તેમની મળવાજોગ ગ્રેજયુઈટી, પેન્શન, હક્ક રજાનો પગાર, સંયોજીત વિમા વિગેરેની માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર વેસ ટઝોન(રાંદેર) તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૩૫ તા. ૪–૧૦–૧૧થી નિયત સમય અવધિ બાદ મ.જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ–પી), મુખ્ય હિસાબનીશને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આઉટ/નં. ૬૩૬ તા. ૪–૧૦–૧૧ નિયત સમય અવધિમાં " અરજદારે માંગેલ મુદ્દા નં. ૧ થી ૩ની માહિતી નીચે મુજબ છે. "

| મુદ્દા નં. | રજુઆત | પૂર્તતા |
|---|---|---|
| ૧. | ગ્રેજયુઈટી અને પેન્શન | સદર બાબતેની ફાઈલ રાંદેરઝોન ખાતેથી તૈયાર કરી આગળની કાર્યવાહી સેકશન ઓફિસરશ્રી મહેકમ(પી.) પ્રતિ આ.નં./૧૦૪ તા. ૧૨–૮–૧૧થી મોકલવામાં આવી છે. તેવું જણાવેલ. |
| ૨. | હક્ક રજાનો પગાર | હક્ક રજાનો પગાર ચૂકવણી માટેની કાર્યવાહી રાંદેરઝોન ખાતેથી પૂર્ણ કરેલ છે હવે હિસાબી ખાતાની મુખ્ય કચેરીએ ફાઈલ રાંદેરઝોન ખાતે પરત બાદ રાંદેરઝોન ખાતેથી હક્ક રજાનો પગાર ચૂકવવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવેલ. |

| | | |
|---|---|---|
| ૩. | સંયોજીત વિમા | સંયોજીત વિમાની રકમની ચૂકવણી માટે કાર્યવાહી રાંદેરઝોન ખાતેથી પૂર્ણ કરી હિસાબી ખાતાની મુખ્ય કચેરીએ આ.નં.૬૦ તા. ૪–૭–૧૧થી જરૂરી ડોકયુમેન્ટસ મોકલવામાં આવેલ છે અને સંયોજીત વિમાની રકમની ચૂકવણીની કાર્યવાહી મુખ્ય કચેરીએથી કરવામાં આવશે. તેવું જણાવેલ. |

જે અંગે અરજદારે મુદ્દા નં. ૩ સંયોજીત વિમા અંગેની મળેલ માહિતીથી નારાજ થઈ તા. ૪–૬–૧૨ના રોજ વિલંબીત અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજ્જો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતાના ઉદ્દેશ અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. જે અંગે બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૧ અને ૨ બાબતે પેન્શન વિભાગ તથા મુખ્ય હિસાબનીશને તબદીલ કરવામાં આવેલ હતી અને જે અંગેની નકલ પણ અત્રે રજુ કરેલ છે. જયારે મુદ્દા નં. ૩ સંયોજીત વિમા બાબતે શું માહિતી મેળવવા માંગતા હતા તે સ્પષ્ટ કરેલ નથી. તેવું જણાવેલ છે. જયારે અરજદારે આપેલ પૂરક વિગતોમાં " ગ્રેજયુઈટી, પેન્શન અને હક્ક રજાનો પગાર તેમને મળી ગયેલ છે જેથી તે અંગે કોઈ તકરાર નથી. જયારે વિલંબીત અપીલ અરજી બાબતે આ વિષય મને ખબર ન હતી જેથી શરતચૂકથી ૩૦ દિવસની મુદ્દતમાં આના વિશે કઈ જણાવેલ નથી. તો સદરહું અરજી સ્વીકારી સંયોજીત વિમા વિશે યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરેલ છે." અરજદારની મુદ્દા નં. ૩ માં સંયોજીત વિમાની નાણાં મેળવવા માટે કાર્યવાહીને લગતી રજુઆત કરેલ છે. કાર્યવાહીને લગતી રજુઆત બાબતે અરજદારને તેવી માહિતી મુખ્ય કચેરીએથી થાય છે અને જે અંગે હિસાબનીશ ખાતાની મુખ્ય કચેરીએ આ.નં.૬૦ તા. ૪–૭–૧૧થી જરૂરી ડોકયુમેન્ટસ મોકલ્યાનું પણ જણાવવામાં આવેલ છે. જયારે કાર્યવાહીને લગતી રજુઆત સક્ષમ સત્તાને અલાયદી કરવાની રહે.

અરજદારે અપીલ તબક્કે માત્ર જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જ પક્ષકાર બનાવેલ તેથી અન્ય જાહેર માહિતી અધિકારી હિસાબીને પક્ષકાર બનાવી પૂરક વિગતો મેળવી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૦૯–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં જાહેર માહિતી અધિકારી હિસાબીને તબદીલ થયેલ અરજી અંગે પ્રત્યુત્તર પાઠવવાનો બાકી હોય તો દિન–૭માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે કલમ–૭(૬) હેઠળ અરજદારને પાઠવવા અને જો અગાઉ પ્રત્યુત્તર પાઠવેલ હોય તો તેની નકલ પુનઃ અરજદારને પાઠવી તેની જાણ અત્રે કરવા ડે.કમિ.(ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (હિસાબી) ને જણાવવામાં આવે છે.

અરજદારને અપીલના મુદ્દા નં. ૩ની માહિતી જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે પરંતુ અરજદારે નાણાં મેળવવા બાબતે કાર્યવાહીને લગતી રજુઆત કરવામાં આવેલ છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૨

(૧) પ્રતિ, તત્કાલીન જાહેર માહિતી અધિકારી –રાંદેરઝોન, ડે.કમિ.(ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (હિસાબી ખાતુ) .... જાણ તથા અમલ માટે

**(૨) શ્રીમતિ સોનલબેન શાંતિલાલ પટેલ**

અપીલ અરજી નં. ૨૧ તા. ૨–૪–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખ
સામાવાળા :– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની તા. ૧–૩–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) BSUP અંતગર્ત કેટલા આવાસો ૩૧–૧૨–૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને થયેલ ખર્ચ DPR પ્રમાણે. (૨) BSUP અંતગર્ત તૈયાર થયેલા આવાસોની ફાળવણીની મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨–૪–૧૨ ની **SMC/FAP/** નં. ૨૧ /૨૦૧૨–૧૩

શ્રી ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન શેખની અરજીથી તા. ૧–૩–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) BSUP અંતગર્ત કેટલા આવાસો ૩૧–૧૨–૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને થયેલ ખર્ચ DPR પ્રમાણે . (૨) BSUP અંતગર્ત તૈયાર થયેલા આવાસોની ફાળવણીની મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં સ્લમ અપગ્રેડેશન સેલના પત્ર ક્રમાંક એસયુસી/આ.નં./ ૨૮૩૭ તા. ૧૫–૩–૧૨ના મળેલા પ્રતિભાવથી તથા મુદ્દા નં. (૨)ની માંગેલ માહિતી આપવામાં આવેલ નથી. તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૪–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા. ૨–૪–૧૨ના રોજ મળેલ. જેમાં અરજદારે લાગત જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ જણાવેલ. જેથી સદરહું અપીલ અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આ.નં./૦૮ તા. ૩–૪–૧૨થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ)ને તબદીલ કરવામાં આવેલ. જે સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/અપીલ /આ.નં./૧૩૧ તા. ૧૧–૪–૧૨થી તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૫૧ તા. ૨૬–૪–૧૨થી અપીલ અરજી રાંદેરઝોનના તત્કાલીન ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી માહિતી અપાયેલ હોય, તેમના ઝોન તરફથી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જયારે અન્ય ઝોન તરફથી આવી કોઈ તબદીલી અત્રેના વિભાગને થયેલ નથી. તેથી કમિશ્નરશ્રીના તા. ૩–૩–૧૨ના હુકમ મુજબ જે તે ઝોનના અપીલ અધિકારી દ્રારા નિકાલ થયેલ હોય. અત્રેના વિભાગને ફકત રાંદેરઝોન પુરતી અપીલીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેના અનુસંધાને તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૫૧ તા. ૨૬–૪–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૨૫૨૨ તા. ૨–૩–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલ, કાર્યપાલક ઈજનેરશ્રી તમામઝોન, રાંદેર, અઠવા,ઉધના,લીંબાયત,વરાછા, કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૦૩ તા. ૨–૪–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં./૨૮૩૭ તા. ૧૫–૩–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/અપીલ/નં. ૧૩૧ તા. ૧૧–૪–૧૨થી તમામઝોન તથા વેસ્ટઝોનને તબદીલ કરેલ પત્રની નકલ તથા અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર તરફથી થયેલ હુકમ એસયુસી/આઉટ/નં. ૩૧૯ તા. ૧–૫–૧૨ના હુકમની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧–૩–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૨૫૨૨ તા. ૨–૩–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલ, કાર્યપાલક ઈજનેરશ્રી તમામઝોન, રાંદેર, અઠવા,ઉધના,લીંબાયત,વરાછા, કતારગામઝોનને નિયત સમય અવધિમાં તબદીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૮૩૭ તા. ૧૫–૩–૧૨થી મુદ્દા નં. ૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશનના નામના ઉલ્લેખ સહ તેમના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તેમજ મુદ્દા નં. ૨ અંગે માહિતી નહી મળ્યાનું જણાવી તા. ૨–૪–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/આઉટ/નં. ૦૮ તા. ૩–૪–૧૨થી સ્લમ અપગ્રેડેશન વિભાગને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ સ્લમ અપગ્રેડેશન ખાતાના અપીલ અધિકારી તરફથી પત્ર નં. એસયુસી/અપીલ /આ.નં./૧૩૧ તા. ૧૧–૪–૧૨થી અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેર તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન તરફથી અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને તબદીલ થયેલ

અપીલ તત્કાલીન જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારની અરજીનો જવાબ પાઠવવામાં આવેલ હોય. સદર અપીલના કાગળો સહિત અપીલ ચલાવવાનું જણાવવામાં આવેલ. જેથી અત્રેથી રાંદેરઝોન પુરતી અપીલ ચલાવવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) BSUP અંતગર્ત કેટલા આવાસો ૩૧–૧૨–૧૧ સુધીમાં તૈયાર થયા તેની કુલ સંખ્યા અને થયેલ ખર્ચ DPR પ્રમાણે. તેવા પ્રશ્ન બાબતે રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૦૩ તા. ૨–૪–૧૨થી નિયત સમય અવધિ બાદ " સદર માહિતી રાંદેરઝોનને લાગુ પડતી નથી. " તેવું જણાવેલ.વધુમાં મુદ્દા નં. ૧ બાબતે સ્લમ અપગ્રેડેશન તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. અને તે અંગેની અપીલ અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી ચલાવી પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૩૧૯ તા. ૧–૫–૧૨થી નિકાલ કરવામાં આવેલ છે. તેમજ સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં. એસયુસી/અપીલ/૧૩૧ તા. ૧૧–૪–૧૨થી રાંદેરઝોનને ફકત મુદ્દા નં. ૨ બાબતે તબદીલ કરેલ છે આથી અત્રેથી મુદ્દા નં. ૨ પુરતી અપીલ ચલાવવાની રહે. મુદ્દા નં. (૨) BSUP અંતગર્ત તૈયાર થયેલા આવાસોની ફાળવણી અંગે નીચે મુજબની માહિતી.

| વિગત | વિસ્તાર | નષ્ટ કરેલ ઝુંપડાની સંખ્યા | ખુલ્લો થયેલ વિસ્તાર ચોરસ મીટર | અસરગ્રસ્તોને ફાળવેલ આવાસની સંખ્યા | ફાળવવાના બાકી અસરગ્રસ્તની સંખ્યા |
|---|---|---|---|---|---|
| I પુર અસરગ્રસ્ત ઝુંપડપટ્ટી | | | | | |
| ૧. નદીપુર | | | | | |
| ૨. ખાડી પુર | | | | | |
| II શહેરના વિકાસના કામોમાં નડતરરૂપ ઝુંપડપટ્ટીઓ. | | | | | |
| ૧. રસ્તામાં નડતરરૂપ | | | | | |
| ૨. કેનાલ રસ્તામાં નડતરરૂપ | | | | | |
| ૩. સુરત મહાનગરપાલિકામાં | | | | | |
| ૪. વિકાસના કામોમાં નડતરરૂપ | | | | | |

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી નિયત સમય અવધિ બાદ નીચે મુજબની માહિતી આપેલ.

| વિગત | વિસ્તાર | નષ્ટ કરેલ ઝુંપડાની સંખ્યા | ખુલ્લો થયેલ વિસ્તાર ચોરસ મીટર | અસરગ્રસ્તોને ફાળવેલ આવાસની સંખ્યા | ફાળવવાના બાકી અસરગ્રસ્તની સંખ્યા |
|---|---|---|---|---|---|
| I પુર અસરગ્રસ્ત ઝુંપડપટ્ટી | ઈકબાલનગર | ૫૫૩ | ૨૯૩૬૨.૭૭ | ૪૯૦ | – |
| | સુભાષનગર | ૧૮૧૩ | ૨૦૪૦૦.૦૦ | ૧૬૧૨ | – |
| | નહેરુનગર | ૧૨૬૬ | ૨૭૫૬૦.૦૦ | ૧૧૪૩ | – |
| | બાપુનગર | ૨૬૦૭ | ૧૮૭૮૦.૦૦ | ૨૪૧૯ | – |
| | જે.પી.નગર–૧ | ૩૭૨ | ૨૬૨૧૯.૦૦ | ૩૫૯ | – |
| | જે.પી.નગર–૨ | ૧૯૬ | ૨૬૨૧૯.૮૦ | ૧૮૫ | – |
| | મેનાનગર | ૩૨૩ | ૧૪૧૮૫.૩૮ | ૩૦૬ | – |
| | જલારામનગર | ૭૦૦ | ૩૩૬૪૩.૩૨ | ૫૯૪ | – |
| | જહાંગીરપુરા | ૯૨ | ૪૬૦૦.૦૦ | ૯૦ | – |
| | પાલ હળપતિવાસ | ૫૭ | ૬૨૫૦.૦૦ | ૫૦ | – |
| | વરીયાવ | ૦૨ | ૧૦૦.૦૦ | ૦૨ | – |
| | શીતલ ચાર રસ્તા | ૧૦૦ | ૫૦૦૦.૦૦ | ૭૭ | – |
| II શહેરના વિકાસના કામોમાં નડતરરૂપ ઝુંપડપટ્ટીઓ. | | | | | |
| ૧. રસ્તામાં નડતરરૂપ | | | | | |
| | જોગીવાડ | ૭૫ | ૧૨૨૨૬.૪૮ | ૭૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | પાલનપુર હળપતિવાસ | ૨૫ | ૨૦૦.૦૦ | ૨૪ | |
| | મહાદેવનગર | ૦૩ | ૧૫૦.૦૦ | ૦૩ | |
| | રેવાનગર | ૦૨ | ૧૦૦.૦૦ | ૦૨ | |
| | હિતેન્દ્રનગર | ૧૦ | ૧૦૦૦.૦૦ | ૧૦ | |
| | | | | | |
| ૨. કેનાલ રસ્તામાં નડતરરૂપ | વાઘરી વસાહત,ઉગત | ૨૫૦ | ૧૫૦૦૦.૦૦ | ૨૨૦ | |
| ૩. સુરત મહાનગરપાલિકામાં | – | – | – | – | – |
| ૪. વિકાસના કામોમાં નડતરરૂપ | – | – | – | – | – |

આમ રાંદેરઝોન તરફથી મુદ્દા નં. ૨ બાબતે અરજદારને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૦૩ તા. ૨–૪–૧૨થી ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબની માહિતી પુરી પડાયેલ છે આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨–૪–૧૨ ધ્યાને લેતાં ૧–૫–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૧–૦૩–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ,ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)..... જાણ તથા અમલ માટે
**(૨)શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન**